PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 307
Dt.: 18-07-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa

### જીંદ અને સોનીપતનું નામ ગૌરવથી લેવાશે : વડાપ્રધાન મોદી

# વડાપ્રધાન મોદીએ ભારતની પહેલી હાઈડ્રોજન ટ્રેનને આપી લીલી ઝંડી

## આ ટ્રેન હરિયાણાના જીંદથી સોનીપત વચ્ચે દોડશે, જેની મુસાફરી ૯૦ કિલોમીટરની હશેઃ હાઈડ્રોજન ફ્યુલથી ચાલતી આ ટ્રેન ખાસ માનવામાં આવી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની પહેલી હાઈડ્રોઝન ટ્રેનનો શુભારંભ કરાવ્યો છે. આ ટ્રેન હરિયાણાના જીંદથી સોનીપત વચ્ચે દોડશે, જેની મુસાફરી ૯૦ કિલોમીટરની હશે. હાઈડ્રોજન ફ્યુલથી ચાલતી આ ટ્રેન ખાસ માનવામાં આવી રહી છે. કારણ કે ૧૦ કોચવાળી આ વિશ્વની સૌથી લાંબી હાઈડ્રોજન ટ્રેન છે. આ દરમિયાન પીએમ મોદીએ હરિયાણાને ૧૪૦૦ કરોડ રૂપિયાના અન્ય વિકાસકાર્યોની પણ ભેટ આપી છે. તેમણે કહ્યું કે, મારો હરિયાણા અને જીંદ સાથે જૂનો સંબંધ છે. અહીં હું સ્કૂટીથી આવતો હતો. જીંદનું ઘી, જીંદનું ઘેવર નથી બદલાયું, પરંતુ જીંદના તેવર જરૂર બદલાઈ ગયા છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું, "ભારતની હાઈડ્રોજન ટ્રેન સૌથી શક્તિશાળી અને સૌથી ખાસ છે. જો આપણે રેલવેના ઈતિહાસ પર નજર કરીએ તો ૧૯મી સદીની રેલવે કોલસાથી ચાલતી હતી. ૨૦મી સદીમાં ટ્રેન ડીઝલ અને વીજળીથી ચાલતી હતી. હવે ૨૧મી સદીની ટ્રેન હાઈડ્રોજનથી ચાલવાની છે.

ભારતે આ ક્ષેત્રમાં મોટું પગલું ભર્યું છે. જીંદથી સોનીપત વચ્ચે ચાલનારી હાઈડ્રોજન ટ્રેનની મુસાફરી ૯૦ કિલોમીટરની હશે. પરંતુ ભવિષ્યમાં અમે તેનો વિસ્તાર કરીશું. અમે આના પર સતત રિસર્ચ કરતા રહીશું. દુનિયામાં હાઈડ્રોજન આવ્યાને હજુ ૭થી ૮ વર્ષ જ થયા છે. દુનિયાના માત્ર ચાર દેશોમાં જ આ ટ્રેન ચાલી રહી છે. પરંતુ ભારતની હાઈડ્રોજન ટ્રેન સૌથી ખાસ છે."

વડાપ્રધાન મોદીએ કહ્યું, ૩૨૦૦ હોર્સપાવર સાથે આ સૌથી તાકાતવર ટ્રેન છે. તે તાકાતવર જ નહીં, વિશ્વની સૌથી લાંબી હાઈડ્રોજન ટ્રેન પણ છે. ભારતે પ્રથમ જ વખતમાં સીધી ૧૦ કોચવાળી ટ્રેન ચલાવીને દુનિયામાં પોતાનો ઝંડો ફરકાવી દીધો છે. હું તમને ગૌરવની એક વાત વધુ કહું. આ ટ્રેન ધુમાડા વગરની છે, આ મેક ઈન ઈન્ડિયાનું ઉદાહરણ છે. તેને ભારતના એન્જિનિયરોએ બનાવી છે અને ભારતની જ કંપનીએ બનાવી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, "મિડલ ઈસ્ટમાં હોર્મુઝ સ્ટ્રેટમાં સતત યુદ્ધ જેવી સ્થિતિ છે. તેની અસર ભારત પર પણ પડી રહી છે. કારણ કે અહીંથી જ દેશમાં ડીઝલ-પેટ્રોલ, ખાદ્ય અને અન્ય જરૂરી સામગ્રી આવે છે. પરંતુ ૨૦૧૪ પહેલાં આવી સ્થિતિ બની હોત તો દેશનું રેલ નેટવર્ક સંકટમાં આવી જાત. તે સમયે રેલવેનો મોટો ભાગ ડીઝલ પર જ નિર્ભર હતો. આવી સ્થિતિમાં ડીઝલનો પુરવઠો અટકે તો ટ્રેનોનું સંચાલન પણ અસરગ્રસ્ત થાય. પરંતુ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. આ ૨૦૧૪નું ભારત નથી, આ નવું ભારત છે. આ મોદી છે જે ઘણું અગાઉનું વિચારે છે."

ભારતમાં વીજળીકરણ ૧૯૨૫થી શરૂ થયું હતું. ત્યારથી લઈને ૨૦૧૪ સુધી ૯૦ વર્ષોમાં દેશના રેલવે નેટવર્કનો માત્ર ૩૦ ટકા જ ભાગ વીજળીકૃત થયો હતો, જ્યારે ૭૦ ટકા ભાગ ડીઝલ પર નિર્ભર હતો. આ જ ગતિએ કામ ચાલેત તો આખા રેલવે નેટવર્કને ૧૦૦ ટકા વીજળીકૃત કરવામાં ૨૦૦ વર્ષ લાગી જાત. પરંતુ છેલ્લા ૧૨ વર્ષમાં દેશની સ્થિતિ બદલાઈ છે.

દેશના લગભગ ૯૯ ટકા રેલ નેટવર્કનું વીજળીકરણ કરી દેવામાં આવ્યું છે. જેનાથી ડીઝલ પરની નિર્ભરતા ઘટી છે. ડીઝલ પર સંકટ આવે તો પણ રેલવે પર અસર પડતી નથી.

જીંદના વખાણ કરતા પીએમ મોદીએ કહ્યું કે, "શક્તિપીઠ માતા જયંતીનું નામ અને આશીર્વાદ આ શહેરને મળ્યા છે. મારો તો જીંદ સાથે જૂનો સંબંધ છે. અહીં મને ઘણા જૂના પરિચિત ચહેરા દેખાઈ રહ્યા છે. ઘણા દાયકાઓ પહેલા હું સંગઠનના કામે જીંદ આવ્યો હતો. અહીંના લોકોએ મને જે પ્રેમ આપ્યો હતો, તે આજે પણ હું ભૂલ્યો નથી. મુર્રા ભેંસનું દૂધ-દહીં અને ઘી, જીંદનું દેશી બૂરા, જીંદનું ઘેવર – બધી યાદો જોડાયેલી છે. આજે જીંદ અને આખા હરિયાણાનું નામ ઈતિહાસના પાનાઓમાં નોંધાઈ ગયું છે, કારણ કે આ જ ધરતીથી ભારતને પ્રથમ હાઈડ્રોજન ટ્રેન મળી છે. ભારતની પ્રથમ ટ્રેન મુંબઈ અને ઠાણે



વચ્ચે ચાલી હતી, પરંતુ જ્યારે હાઈડ્રોજન ટ્રેનનો ઉલ્લેખ થશે ત્યારે સૌપ્રથમ જીંદ, સોનીપત અને હરિયાણાનું નામ ગૌરવ સાથે લેવાશે."

ભારતની પ્રથમ હાઈડ્રોજન ટ્રેન જીંદથી સોનીપત વચ્ચે ચાલશે. આ કુલ ૯૦ કિલોમીટરની મુસાફરી હશે. ભારત પહેલાં અત્યાર સુધી સ્વીડન, ફ્રાન્સ, જર્મની અને ચીનમાં જ હાઈડ્રોજન ટ્રેનો ચાલી રહી હતી.

હવે ભારત પાંચમો એવો દેશ બન્યો છે, જ્યાં હાઈડ્રોજન ટ્રેન ચાલશે. આ ટ્રેન ૧૦ કોચવાળી છે. જેની સ્પીડ ૭૫ કિલોમીટર પ્રતિ કલાક રહેશે. તેનું ભાડું ૫ રૂપિયાથી ૨૫ રૂપિયા વચ્ચે રાખવામાં આવ્યો છે. આ ટ્રેન ૨ કલાકમાં પોતાની મુસાફરી પૂરી કરી લેશે.

### આંધ્રપ્રદેશમાં વધુ ૪ સંક્રમિતોના મોત

# દેશમાં ફેલાવા લાગ્યો કોરોના વાયરસ, અત્યાર સુધીમાં ૩૩૯ કેસ નોંધાયા

## કેરળમાં સૌથી વધુ ૧૧૫ કેસ છે : કર્ણાટકમાં ૬૪, મહારાષ્ટ્રમાં ૪૩, દિલ્હીમાં ૧૮, તમિલનાડુમાં ૩૯ કેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં કોરોનાનો ખતરો ફરી વધવા લાગ્યો છે અને તેના દર્દીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. દેશભરમાં કોરોનાના ૩૦૦થી વધુ દર્દીઓ મળી આવ્યા છે, જ્યારે દર્દીઓના મોતના સમાચાર પણ સામે આવ્યા છે. દેશમાં કોરોના વાયરસ ફરી એકવાર પગપેસારો કરવા લાગ્યો છે. જુલાઈ મહિનાના માત્ર ૧૭ દિવસમાં જ દેશમાં કોરોનાના ૩૩૯ કેસ મળી આવ્યા છે, જ્યારે ૪ દર્દીઓના મોત પણ થયા છે.

કયા રાજ્યમાં કેટલા કેસ નોંધાયા?

કેરળ: સૌથી વધુ ૧૧૫ કેસ
કર્ણાટકઃ ૬૪ કેસ
મહારાષ્ટ્ર: ૪૩ કેસ
તામિલનાડુઃ ૩૯ કેસ
દિલ્હીઃ ૧૮ કેસ
અંડમાન અને નિકોબાર દ્વીપ સમૂહઃ ૧૮ કેસ
રાજસ્થાનઃ ૧૨ કેસ
આંધ્રપ્રદેશઃ ૧૨ કેસ



આંધ્રપ્રદેશમાં કોરોનાના કારણે ૪ દર્દીઓના મોત થયા છે અને રાજ્યનો કડપ્પા જિલ્લો કોરોના વાયરસથી સંક્રમિત છે. તમને જણાવી દઈએ કે દેશમાં કોરોનાનો સૌથી પહેલો કેસ આંધ્રપ્રદેશમાં જોવા મળ્યો હતો. અહીંનો કડપ્પા જિલ્લો સૌથી પહેલા કોરોના સંક્રમણની ચપેટમાં આવ્યો હતો. દેશમાં કોરોનાનો સૌથી પહેલો કેસ ૨૬ જૂનના રોજ રિપોર્ટ થયો હતો. ત્યારબાદ ૧ જુલાઈથી ૧૭ જુલાઈ વચ્ચે વધુ ૧૨ કેસ સામે આવ્યા છે. ૨૬ જૂનથી ૧૭ જુલાઈ વચ્ચે રાજ્યભરમાં ૬૭ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૧૨ દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૧૨મો કેસ તામિલનાડુના વેલ્લોર સ્થિત ક્રિશ્ચિયન મેડિકલ કોલેજમાં જોવા મળ્યો છે. મળતી માહિતી મુજબ, ૧૨ સંક્રમિત દર્દીઓમાંથી ૩ દર્દીઓ હાલ હોમ આઈસોલેશનમાં છે. ૨ દર્દીઓની હોસ્પિટલના કોરોના વોર્ડમાં સારવાર ચાલી રહી છે. ૩ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. ૪ દર્દીઓના મોત થઈ ચૂક્યા છે. કોરોનાથી દમ તોડતા પહેલા આ ચારેય દર્દીઓ પહેલેથી જ બીમાર હતા. તેઓ હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ (શુગર) અને કિડની જેવી ગંભીર બીમારીઓથી પીડાતા હતા. મૃતકોમાં ૩ દર્દી કડપ્પાના અને ૧ દર્દી કાકીનાડાનો રહેવાસી હતો. કડપ્પાની RIMS હોસ્પિટલમાં સ્પેશિયલ કોવિડ વોર્ડ બનાવવામાં આવ્યો છે. દેશમાં માર્ચ ૨૦૨૦માં કોરોના મહામારી ફેલાઈ હતી. વર્ષ ૨૦૨૧ સુધી કોરોના પ્રોટોકોલ સાથે લોકડાઉન પણ લાગુ રહ્યું હતું. તે સમયે દેશના લાખો લોકો કોરોનાની ચપેટમાં આવ્યા હતા અને લાખો લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. કોરોનાના ખતરા સામે લડવા માટે કેન્દ્ર સરકારે દેશવાસીઓનું રસીકરણ (વેક્સિનેશન) કરાવ્યું હતું અને વરિષ્ઠ નાગરિકોને બૂસ્ટર ડોઝ આપવામાં આવ્યા હતા. વેક્સિન લેનારા લોકોને સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા હતા. હવે ફરી એકવાર દેશમાં કોરોના ધીમે-ધીમે પગપેસારો કરી રહ્યો છે.

# NEET-UG 2026નું પરિણામ જાહેર, ૧૧.૨૧ લાખ ઉમેદવારો પાસ થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

NEET UG 2026 ની પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ગયું છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ Re-NEET 2026 પરીક્ષાના પરિણામો જાહેર કર્યા. ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ neet.nta.nic.in પર તેમના સ્કોરકાર્ડ ચકાસી શકે છે.

આ વર્ષના પરિણામો પણ ખાસ છે કારણ કે NEET UG 2026 ની પરીક્ષા પેપર લીક વિવાદને કારણે સમાચારમાં હતી.

અગાઉની પરીક્ષા રદ કરવી પડી હતી, જેના પગલે ૨૧ જૂન, ૨૦૨૬ ના રોજ દેશભરમાં ફરીથી પરીક્ષા લેવામાં આવી હતી. હવે, NTA એ નિર્ધારિત સમયમર્યાદા પહેલા પરિણામો જાહેર કર્યા છે, જેનાથી મેડિકલ કોલેજો માટે કાઉન્સેલિંગ અને પ્રવેશ પ્રક્રિયા સમયસર શરૂ થઈ શકે છે.

લગભગ ૨૦ લાખ ઉમેદવારોએ ફરીથી પરીક્ષા આપી હતી. તેમાંથી ૧૧.૨૧ લાખ ઉમેદવારો લાયક ઠરે છે. આનો અર્થ એ છે કે પેપર લીક, રદ અને ફરીથી પરીક્ષા જેવા પડકારો છતાં, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સફળ થયા.

આ વર્ષે, પંજાબના આર્યન ગુપ્તા અને હરિયાણાના પંશુલ બંસલ સંયુક્ત રીતે ટોપર રહ્યા. બંનેએ ૭૨૦ માંથી ૭૧૫ ગુણ મેળવ્યા.

પરિણામના ટોચના મુદ્દાઓ આ મુજબ છે

૧૯ ઉમેદવારોએ ૭૦૦ થી વધુ ગુણ મેળવ્યા.

૧૩૮ ઉમેદવારોએ ૬૯૦ થી વધુ ગુણ મેળવ્યા.

૧,૪૯૨ ઉમેદવારોએ ૬૫૦ કે તેથી વધુ ગુણ મેળવ્યા.

૧૦,૧૬૦ ઉમેદવારોએ ૬૦૦ થી વધુ ગુણ મેળવ્યા.

છોકરીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન : આ વર્ષે, સફળ ઉમેદવારોમાં ૫૮ ટકાથી વધુ મહિલાઓ હતી. છોકરીઓનો સફળતા દર પણ પુરુષો કરતાં સારો હતો. ૫૬.૮ ટકા મહિલાઓ લાયક ઠરી, જ્યારે પુરુષો માટે ૫૫.૧ ટકા.

પહેલી વાર પરિક્ષા આપનારા ઉમેદવારોનું વર્ચસ્વઃ ૬૯૦ થી વધુ ગુણ મેળવનારા ૧૩૮ ઉમેદવારોમાંથી, ૯૩ ટકાથી વધુ પહેલી વાર NEET ના ઉમેદવારો હતા. લગભગ બધા ૧૭ થી ૧૯ વર્ષની વયના છે.

દરેક રાજ્યમાંથી સફળ ઉમેદવારો : દેશના તમામ ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ઉમેદવારોએ પરીક્ષા પાસ કરી. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૧.૭ લાખથી વધુ ઉમેદવારો સફળ થયા હતા, જ્યારે લક્ષદ્વીપમાં ૪૩ ઉમેદવારો લાયક હતા.

કઈ શ્રેણીમાંથી કેટલા ઉમેદવારો પાસ થયા?

જનરલઃ ૨.૯૧ લાખ
OBC-NCL: ૫.૧૨ લાખ
SC: ૧.૫૯ લાખ
ST: ૬૩,૭૧૬
EWS: ૯૫,૦૨૬
PwBD: ૩,૬૬૬
PwD: ૩૦૩

Re-NEET ૨૦૨૬ ૧૩ ભાષાઓમાં લેવામાં આવી હતી. તેમાં હિન્દી, અંગ્રેજી, તમિલ, તેલુગુ, મરાઠી, બંગાળી, ગુજરાતી, કન્નડ, મલયાલમ, ઉડિયા, પંજાબી, આસામી અને ઉર્દૂનો સમાવેશ થાય છે.

હવે, MBBS અને BDS માટે ઓલ ઈન્ડિયા ક્વોટા કાઉન્સેલિંગ મેડિકલ કાઉન્સેલિંગ કમિટી (MCC) દ્વારા હાથ ધરવામાં આવશે, જ્યારે સ્ટેટ ક્વોટા કાઉન્સેલિંગ સંબંધિત રાજ્ય સરકારો દ્વારા હાથ ધરવામાં આવશે.

NTA એ ઉમેદવારોને છેતરપિંડીભર્યા કોલ, સીટોનું વચન આપતા કૌભાંડો, છેતરપિંડીભર્યા સ્કોર વધારવાના કૌભાંડો અને પૈસાની માંગણી કરતા સાયબર છેતરપિંડી કરનારાઓથી સાવધ રહેવાની સલાહ આપી છે. એજન્સીએ વિદ્યાર્થીઓને ફક્ત સત્તાવાર વેબસાઈટ્સ પરથી જ માહિતી મેળવવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની તાત્કાલિક જાણ NTA ને કરવાની સલાહ આપી છે.




### ચોમાસું સત્રમાં મોદી સરકાર લાવશે નવો કાયદો

# વંદે માતરમ ગાતા અટકાવશો તો હવે થશે ત્રણ વર્ષની જેલ

## આ પહેલા મોદી સરકાર તમામ સરકારી કાર્યક્રમોમાં વંદે માતરમ્ ગાવું ફરજિયાત કરી ચૂકી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય ગીત વંદે માતરમના સન્માનને લઈને મોટો નિર્ણય લેવાની તૈયારીમાં છે. સંસદના ચોમાસુ સત્રમાં સરકાર એક નવું બિલ રજૂ કરશે, જેમાં રાષ્ટ્રીય ગીત ગાતા અટકાવનાર વ્યક્તિને ૩ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ હશે. અત્યાર સુધી આ નિયમ માત્ર રાષ્ટ્રગાન જન-ગણ-મન માટે જ લાગુ હતો, જે હવે રાષ્ટ્રીય ગીત માટે પણ અમલી બનશે. તાજેતરમાં જ કેન્દ્રીય કેબિનેટ દ્વારા આ બિલને મંજૂરી આપવામાં આવી છે. આ નવા ખરડા મુજબ, જો કોઈ વ્યક્તિ જાણીજોઈને રાષ્ટ્રગાન કે રાષ્ટ્રીય ગીત ગવાતું અટકાવશે, તેમાં અડચણ ઊભી કરશે અથવા આવી સભામાં હંગામો મચાવશે, તો તેને ૩ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. કેન્દ્ર સરકાર આ બિલને રાજ્યસભામાં રજૂ કરશે. આ પહેલા મોદી સરકાર તમામ સરકારી કાર્યક્રમોમાં વંદે માતરમ્ ગાવું ફરજિયાત કરી ચૂકી છે.

સરકારે ચોમાસુ સત્ર માટે જે કાયદાઓ તૈયાર કર્યા છે, તેમાં રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમ (Prevention of Insults to National Honour Act)માં સુધારો કરવાનું બિલ લોકસભામાં લિસ્ટ કરવામાં આવ્યું છે. આ સુધારા દ્વારા જ રાષ્ટ્રીય પ્રતીકો અને ગીતોના અપમાન સામે કડક કાનૂની જોગવાઈઓ કરવામાં આવશે.

સરકાર લોકસભામાં એક એવું બિલ પણ લાવવાની છે, જેનો ઉદ્દેશ્ય ભારતના સોવરિન ડેટ માર્કેટને મજબૂત કરવાનો છે. આનાથી વિદેશી મૂડીરોકાણ સરળતાથી ભારતમાં આવી શકશે. આ સિવાય, વિદેશી ફંડિંગ પર નજર રાખવા માટે ફોરેન કન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ (FCRA)માં સુધારો કરવાનું બિલ પણ લોકસભામાં ચર્ચા અને પસાર કરવા માટે લિસ્ટ થયું છે.

આ જ સત્રમાં સરકાર જન્મ અને મૃત્યુની નોંધણીને લઈને પણ કડક વલણ અપનાવવા જઈ રહી છે. જો કોઈ વ્યક્તિ જન્મ કે મરણની નોંધણી કરાવવામાં વિલંબ કરશે, તો તેની સામે કડક કાનૂની કાર્યવાહી અને સજા કરવા માટેનું સુધારા બિલ લોકસભાની કાર્યસૂચિમાં સામેલ કરવામાં આવ્યું છે.

## સુપ્રીમ કોર્ટનો રેલવે અંગે ઐતિહાસિક ચુકાદોઃ સેકન્ડ ક્લાસ મુસાફર શબ્દ બંધારણ વિરોધી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે ભારતીય રેલવેમાં સુધારો અને મુસાફરોની સુરક્ષા અંગે મોટો નિર્ણય સંભળાવ્યો છે. જસ્ટિસ સંય કરોલ અને જસ્ટિસ એન.કોટિશ્વર સિંહની બેંચે રેલવેના દસ્તાવેજોમાં લખાયેલ સેકન્ડ ક્લાસ મુસાફર શબ્દથી તીવ્ર વાંધો ઉઠાવ્યો છે.સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું કે, ભારતના ઈતિહાસમાં વર્ગ વિભાગને ધ્યાને રાખીને કોઈપણ વ્યક્તિનો સેકન્ડ ક્લાસ મુસાફર તરીકે ઉલ્લેખ કરવો તે બંધારણ વિરોધી છે, તેથી મુસાફરના બદલે રેલવે કોચ કે ડબ્બા માટે શ્રેણીનો ઉલ્લેખ કરવો વધુ યોગ્ય રહેશે. કોર્ટે આદેશ આપ્યો છે કે, મુસાફરોએ ચુકવેલ રકમના આધારે નહીં, પરંતુ ટ્રેનના કોચના આધારે કેટેગરી નક્કી કરવી જોઈએ, જેમાં તે વ્યક્તિ સફર કરવાનો છે. એટલે કે હવે કેટેગરીનો ઉલ્લેખ મુસાફરના બદલે માત્ર કોચના સંદર્ભમાં જ કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટે રેલવે સુરક્ષા વ્યવસ્થા અને મુસાફરોની સુવિધાને લગતા મુદ્દા પર ટિપ્પણી કરતા કહ્યું કે, 'રેલવેની મોટાભાગની સુવિધાઓને અસરકારક રીતે લાગુ કરવા માટે વધુ કર્મચારીઓની જરૂર છે.

# તંત્રી લેખ......

## શાસકોની બેદરકારીના પરિણામો

વિડંબના એ છે કે ખાલિસ્તાની બળવાખોરીનો અંત આવ્યા પછી, કોઈ સત્તાવાર સમીક્ષા કરવામાં આવી ન હતી. ભારતીય શાસકોએ ક્યારેય એ વાતની કાળજી લીધી નથી કે દેશની નવી પેઢીને ૧૯૮૧ થી ૧૯૯૨ વચ્ચેની ઘટનાઓના સમગ્ર ક્રમ વિશે સ્પષ્ટ રીતે માહિતગાર કરવામાં આવે. આ વૈચારિક ક્ષેત્ર ખાલિસ્તાની જૂથ અથવા તેમના સમર્થકોને તે સમયગાળાના ઈતિહાસને તેમના દ્રષ્ટિકોણથી રજૂ કરવા માટે મુક્ત લગામ આપે છે. કેટલીક રીતે, ફિલ્મ 'સતલુજ' એ જ કર્યું છે.

હવે, તેમને તેમના વિચારો વ્યક્ત કરતા અટકાવવા એ શાસકો પર પડે છે તે બીજી ભૂલ છે. આ ઘટના ફરી એકવાર દર્શાવે છે કે સ્વતંત્ર ભારતના શાસકો ઘણી બાબતોમાં અયોગ્ય રહ્યા છે. કાશ્મીર હોય, આસામ હોય કે પંજાબ, જ્યારે પણ રાષ્ટ્રીય સાર્વભૌમત્વને પડકારવામાં આવે છે, ત્યારે તેઓ તેને ઓળખવાનો ઈનકાર કરે છે. તેઓ અલગતાવાદી તત્વો વિશે ખોટા વચનો આપીને પોતાને અને જનતાને ગેરમાર્ગે દોરે છે. આમ, જાણી જોઈને કે અજાણતાં, તેઓ આવા તત્વોને વધવા દે છે.

જ્યારે પરિસ્થિતિ વણસે છે, ત્યારે સુરક્ષા દળોને કાર્યવાહી કરવા માટે કહેવામાં આવે છે. સ્વાભાવિક રીતે, યુદ્ધની જેમ, બંને બાજુથી ઉતાર-ચઢાવ આવે છે. આખરે, ભારે કિંમત ચૂકવીને પરિસ્થિતિને નિયંત્રણમાં લાવ્યા પછી, શાસકો આરામ કરીને બેસી જાય છે. ખાલિસ્તાની બળવાખોરી સાથે પણ એવું જ બન્યું. ૧૯૯૨ માં પંજાબ પોલીસના વડા કેપીએસ ગિલના નેતૃત્વ હેઠળ ખાલિસ્તાની બળવાખોરીનો ખાત્મો કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય અધિકારીઓએ શું કર્યું? કંઈ નહીં, પરંતુ ૧૯૮૧ થી ૧૯૯૨ વચ્ચે જે બન્યું તેને અવગણવાનો ડોળ કર્યો. સરકારે કોઈ શ્વેતપત્ર બહાર પાડ્યું નહીં. ખાલિસ્તાની બળવાખોરીને ખતમ કરનારા અધિકારીઓનું સન્માન પણ કર્યું નહીં. કેપીએસ ગિલ, જેમણે અસાધારણ હિંમતથી પંજાબને ભારતથી અલગ થતું અટકાવ્યું, તેમને ક્યારેય કોઈ સન્માન આપવામાં આવ્યું નહીં. તેમના મૃત્યુ પછી યોજાયેલી શોક સભામાં એક પણ કેન્દ્રીય નેતા હાજર રહ્યો નહીં. એવું લાગતું હતું કે બધા નેતાઓ શરમ અનુભવતા હતા કે ગિલે ભારતીય સાર્વભૌમત્વ માટે યુદ્ધ જીતી લીધું છે. ખરેખર, તે એક યુદ્ધ હતું. જો દેશના શાસકો સ્પષ્ટ વલણ નહીં લે અને આતંકવાદી પ્રવૃત્તિઓ અને તેમના જણાવેલા ઉદ્દેશ્યો વિશે જનતાને માહિતી ન આપે, તો લોકો અનિવાર્યપણે મૂંઝવણમાં મુકાશે. સમય જતાં, અલગતાવાદી અને આતંકવાદી પક્ષને પોતાને પીડિત તરીકે દર્શાવવામાં કોઈ સમસ્યા નહીં રહે. 'સતલુજ' એ જ કર્યું છે. તેણે એક વિચાર રજૂ કર્યો છે. સાચો પ્રતિભાવ એ હોત કે તેને રોકવાનો નહીં, પણ એક અલગ દ્રષ્ટિકોણ રાખ્યો હોત. એ બાલિશતા છે કે જો ભારતીય સાર્વભૌમત્વ માટે જવાબદાર લોકો પોતાનો અને આતંકવાદથી પ્રભાવિત લોકોનો પક્ષ લેતા નથી, તો પછી જેઓ જાણી જોઈને કે અજાણતાં પંજાબ પોલીસ અથવા ખાલિસ્તાનીઓના હાથે ભોગ બન્યા છે તેઓ પણ પોતાનો પક્ષ કેમ ન લે? આખરે, ૧૯૯૨ થી ૨૦૨૬ સુધી ભારતીય શાસકો, માહિતી અને પ્રસારણ મંત્રાલય, શિક્ષણ વિભાગ, ઢઇછફઁ અને અન્ય અસંખ્ય રાજ્ય-સ્તરીય સંસ્થાઓને પંજાબ પોલીસ અને ખાલિસ્તાની આતંકવાદ સામે લડનારાઓના સમર્થનમાં ફિલ્મો બનાવવાથી કોણે રોક્યા, તે આતંકવાદના હાથે ભોગ બનેલા હજારો નિર્દોષ હિન્દુઓ અને શીખોના દ્રષ્ટિકોણથી? તેમણે તે સમયગાળાની સંપૂર્ણ વિગતો રેકોર્ડ કરવી જોઈતી હતી, જે સ્પષ્ટપણે બતાવતી હોત કે ખાલિસ્તાની આતંકવાદ શું હતો અને તેને કેવી રીતે નિયંત્રિત કરવામાં આવ્યો હતો.કોણે કઈ ભૂમિકા ભજવી અને કેવા પ્રકારની ભૂમિકા ભજવી? રેકોર્ડ તેનાથી વિપરીત દર્શાવે છે. જ્યારે ખાલિસ્તાની આતંકવાદનો અંત લાવનારા કેપીએસ ગિલને અનામી વિદાય મળી, ત્યારે ખાલિસ્તાન માટે ઉભા રહેલા લોકોને શા માટે દોષ આપવો? તેઓ ખુલ્લેઆમ એ જ વલણ અપનાવી રહ્યા છે જે શાસકો અજાણતાં તેમના શરમાળ વલણ દ્વારા દર્શાવી રહ્યા હતા. ભારતીય શાસકો એવું વર્તન કરી રહ્યા છે કે જાણે તેમને ખાલિસ્તાની બળવાખોરીને સમાપ્ત કરવા માટે સંપૂર્ણ આંતરિક યુદ્ધ લડવાની જરૂર ન હોય, તે હકીકત હોવા છતાં કે એક વડા પ્રધાન, એક મુખ્યમંત્રી, અસંખ્ય મંત્રીઓ, ભૂતપૂર્વ મંત્રીઓ, સાંસદો અને હજારો સામાન્ય નાગરિકો માર્યા ગયા હતા.

## અમદાવાદ મંડળના ડીઆરએમ એ iCreateની લીધી મુલાકાત, સ્ટાર્ટઅપ્સમાં ભારતીય રેલવે માટે નવીનતા વિકસિત કરવા માટે કરી હાકલ







પશ્ચિમ રેલવેના મંડળ રેલવે મેનેજર (ડીઆરએમ) શ્રી વેદ પ્રકાશ એ આજે ૧૭.૦૭.૨૦૨૬ ના રોજ દેવ ધોલેરા (અમદાવાદ) ખાતે આવેલ iCreate (International Centre for Entrepreneurship and Technology) ની મુલાકાત લીધી. આ અવસર પર તેમની સાથે સિનિયર મંડળ સુરક્ષા કમીશનર (Sr. DSC) શ્રી અંશુમાન રામ ત્રિપાઠી, સિનિયર મંડળ કોમર્શિયલ મેનેજર (Sr. DCM) શ્રી અન્નૂ ત્યાગી તથા મડળના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

મુલાકાત દરમિયાન પ્રતિનિધિ મંડળે iCreate ની નાવિન્ય-આધારિત ઉદ્યોગસાહસિકતા વધારવાની પહેલ, ઈન્ક્યુબેશન ઈકોસિસ્ટમ, પ્રોટોટાઈપ વિકાસ સુવિધાઓ અને વિવિધ ડીપ-ટેક સ્ટાર્ટઅપ્સ દ્વારા વિકસિત અદ્યતન ટેકનિક્સનું અવલોકન કર્યું.

સ્ટાર્ટઅપ્સ સાથે ભારતીય રેલવેમાં ટેકનિકલ નવીનતાઓના ઉપયોગ અને સંભવિત સહયોગના વિવિધ પાસાઓ પર વિગતવાર ચર્ચા પણ કરવામાં આવી.

સ્ટાર્ટઅપ્સ, ઈનોવેટર્સ અને વિદ્યાર્થીઓને સંબોધતા ડીઆરએમ શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું કે ભારતીય રેલવે વિશ્વના સૌથી મોટા રેલવે નેટવર્કમાંનું એક છે, જ્યાં પરિચાલન, સુરક્ષા, જાળવણી, સ્વચ્છતા અને યાત્રી સુવિધાઓના ક્ષેત્રોમાં ટેકનિકલ નવીનતા માટે બહોળી સંભાવનાઓ છે. તેમણે યુવાનોને રેલવેની વાસ્તવિક જરૂરિયાતોને સમજતાં વ્યવહારિક, કિફાયતી અને ટેકનોલોજી-આધારિત ઉકેલો વિકસાવવાની હાકલ કરી.

તેમણે વિશેષરૂપે નીચે જણાવેલા ક્ષેત્રોમાં નાવિન્ય વિકસિત કરવાના સૂચન આપ્યા —

★ માલ વેગનો માટે સ્વચાલિત (Automatic) લોડિંગ અને અનલોડિંગ સિસ્ટમ.

★ રેલવે સંકુલો અને કોચો માટે અપગ્રેડેડ અગ્નિ સુરક્ષા ઉકેલ તથા ફાયર સેફ્ટી બૉલ.

★ ટ્રેક, પુલો, ઓએચઈ અને અન્ય રેલવે પરિસંપત્તિઓના નિરીક્ષણ માટે ડ્રોન આધારિત ટેકનિક.

★ એઆઈ આધારિત સુરક્ષા અને પ્રિડેક્ટિવ મેન્ટેનન્સ ઉકેલ.

★ સ્ટેશનો, યાર્ડ્સ અને રેલવે સંકુલોની સફાઈ માટે આધુનિક ઈલેક્ટ્રિક ક્લીનીંગ મશીનો.

★ રેલવેમાં ઉપયોગ થનારા ઉપકરણો અને ઈલેક્ટ્રિક મશીનો માટે વાયરલેસ ચાર્જિંગ સિસ્ટમ.

★ પરિચાલન કુશળતા, ઉર્જા સંરક્ષણ તથા સંસાધનોના સ્માર્ટ વ્યવસ્થાપનથી જોડાયેલ અન્ય નવીનતાઓ

ડીઆરએમ એ કહ્યું કે રેલવે અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વચ્ચે મજબૂત સહયોગથી એવા સ્વદેશી ઉકેલી વિકસાવી શકાય છે, જે ભારતીય રેલવેની પરિચાલન કુશળતા, સુરક્ષા, સ્વચ્છતા, ઉર્જા કુશળતા તથા યાત્રી સુવિધાઓને નવી ઊંચાઈ સુધી લઈ જવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે કહ્યું કે નાવિન્ય જ ભવિષ્યની રેલવે વ્યવસ્થાનો આધાર છે અને યુવાનોના નવા વિચાર ભારતની રેલવે સિસ્ટમને વધુ આધુનિક, સુરક્ષિત અને વિશ્વસ્તરની બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

મુલાકાતની સમાપ્તિ પર પ્રતિનિધિ મંડળે iCreate સંકુલમાં ફરીને ઈનક્યૂબેશન સેન્ટર, પ્રોટોટાઈપિંગ પ્રયોગશાળાઓ અને સ્ટાર્ટઅપ સહાયતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અવલોકન કર્યું.

આ દરમિયાન ભારતીય રેલવે અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વચ્ચે ભવિષ્યમાં અનુસંધાન, નાવિન્ય અને પ્રોદ્યોગિકી વિકાસના ક્ષેત્રમાં સહયોગની સંભાવનાઓ પર સકારાત્મક ચર્ચા થઈ.

## મધ્ય ગુજરાતમાં જળસંકટના એંધાણ:
## કડાણા-ભાદર ડેમમાંથી સિંચાઈનુ પાણી બંધ: ખેડુતોમાં ચિંતાના વાદળો ઘેરાયા



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ચોમાસાની શરૂઆત આશાસ્પદ રહી હોવા છતાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદે લાંબો વિરામ લેતા રાજયના અનેક વિસ્તારોમાં પાણીની અછતના સંકેતો દેખાવા લાગ્યા છે. ખાસ કરીને મધ્ય ગુજરાતમાં વરસાદની ભારે ખેંચને કારણે જળસંકટની સ્થિતિ ઉભી થઈ રહી છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સિંચાઈ વિભાગે મહત્વનો નિર્ણય લેતા મહિસાગર જિલ્લાના કડાણા ડેમ તેમજ ભાદર ડેમમાંથી ખેતી અને અન્ય હેતુઓ માટે છોડાતુ પાણી તાત્કાલીક અસરથી બંધ કરી દીધુ છે. આ નિર્ણયનો સૌથી મોટો ફટકો ખેડુતોને પડવાનો છે. ચોમાસાની શરૂઆતમાં વરસાદના આધારે વાવણી પૂર્ણ કરનાર ખેડુતો હવે ઉભા પાક માટે સિંચાઈના પાણી પર નિર્ભર હતા. પરંતુ ડેમમાંથી પાણી બંધ થતા હવે ખેડુતોની ચિંતા વધી ગઈ છે. જો આગામી દિવસોમાં સારો વરસાદ નહી પડે તો કૃષિ પાકને મોટુ નુકશાન થવાની ભીતી વ્યકત કરવામાં આવી રહી છે. મધ્ય ગુજરાત માટે કડાણા ડેમ પાણીનો મુખ્ય સ્ત્રોત માનવામાં આવે છે. પરંતુ ચાલુ ચોમાસામાં વરસાદ ખેંચાતા ડેમમાં કુદરતી પાણીની આવક લગભગ બંધ થઈ ગઈ છે. હાલમાં ડેમમાં માત્ર ૪૧ ટકા જેટલો લાઈવ સ્ટોરેજ ઉપલબ્ધ હોવાનુ જણાવવામાં આવ્યુ છે. જયારે જળસપાટી ઘટીને આશરે ૩૮૯ ફુટ સુધી પહોચી છે. સિંચાઈ વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ હાલની સ્થિતિમાં સતત પાણી છોડવામાં આવશે તો આગામી મહિનાઓમાં પીવાના પાણીની સમસ્યા ઉભી થઈ શકે છે. આથી પાણીનો સંગ્રહ જાળવી રાખવા માટે સિંચાઈ અને અન્ય ઉપયોગ માટેનુ પાણી રોકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજય સરકાર અને સિંચાઈ વિભાગે સ્પષ્ટ કહ્યુ છે કે હાલની પરિસ્થિતિમાં પીવાના પાણીની જરૂરીયાત સૌથી મહત્વપૂર્ણ છે. ડેમમાં પાણીનો જથ્થો મર્યાદીત હોવાથી સૌથી પહેલા નાગરીકોને પીવાનુ પાણી ઉપલબ્ધ રહે તે માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ નિર્ણયના ભાગરૂપે કડાણા ડેમ આધારીત હાઈડ્રોપાવર પ્રોજેકટ માટે પાણી છોડવાનુ પણ બંધ કરવામાં આવ્યુ છે. સાથે જ ખેતી માટેની સિંચાઈ પણ હાલ પુરતી સ્થગિત કરવામાં આવી છે. સિંચાઈ વિભાગના આદેશ બાદ કડાણા ડેમમાંથી નિકળતી વિવિધ નહેરોમાં પાણી છોડવાનુ સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યુ છે તેમાં સુજલામ સુફલામ યોજના હેઠળ ભરાતી કેનાલો, જમણાકાંઠાની મુખ્ય નહેર તેમજ મહી નદીના પટમાં છોડાતુ પાણી પણ સામેલ છે. આ ઉપરાંત ભાદર ડેમમાંથી પણ સિંચાઈ માટેનુ પાણી બંધ કરવાનો નિર્ણય લેવાતા મધ્ય ગુજરાતના અનેક વિસ્તારોમાં કૃષિ પર સીધી અસર થવાની શકયતાઓ વધી ગઈ છે. મહિસાગર, પંચમહાલ અને ખેડા સહિતના જિલ્લાઓમાં મોટાભાગના ખેડુતો ચોમાસાના પ્રથમ વરસાદ બાદ વાવણી પૂર્ણ કરી ચુકયા છે. હાલમાં પાકના વિકાસ માટે નિયમિત પાણીની જરૂરીયાત છે. પરંતુ વરસાદની અછત અને ડેમમાંથી સિંચાઈનુ પાણી બંધ થતા ખેડુતો મુંઝવણમાં મુકાઈ ગયા છે. ઘણા ખેડુતોનુ કહેવુ છે કે જો આગામી એકાદ અઠવાડીયામાં સારો વરસાદ નહી પડે તો મોંઘા બિયારણ, ખાતર અને અન્ય ખર્ચ બાદ પણ પાક બચાવવો મુશ્કેલ બની શકે છે. કૃષિ નિષ્ણાંતો પણ માને છે કે પાકના આ તબકકે પુરતુ પાણી ન મળવાથી ઉત્પાદન પર ગંભીર અસર પડી શકે છે. જેના કારણે ખેડુતોને આર્થિક નુકશાન વેઠવુ પડી શકે છે. હાલ સમગ્ર મધ્ય ગુજરાતમાં ખેડુતોની નજર હવામાન વિભાગની આગાહી પર છે. આગામી દિવસોમાં રાજયના કેટલાક વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિ વધવાની શકયતા વ્યકત કરવામાં આવી છે. પરંતુ કડાણા અને ભાદર ડેમના જળગ્રહણ વિસ્તારમાં પુરતો વરસાદ થાય તે અત્યંત જરૂરી બન્યુ છે. જો ઉપરવાસમાં સારો વરસાદ થશે તો ડેમમાં નવી પાણીની આવક શરૂ થશે અને સિંચાઈ માટેનુ પાણી ફરી શરૂ કરવાની શકયતા ઉભી થઈ શકે છે. પરંતુ જો વરસાદની સ્થિતિમાં સુધારો નહી થાય તો પાણીની સમસ્યા વધુ ગંભીર બની શકે છે.

## સુરત સાયબર સેલે આંતરરાજય ગેંગના ૫ આરોપીઓને ઝડપી ૧૪૯ ફરીયાદો અને રૂ.૬.૫૩ કરોડના શંકાસ્પદ ટ્રાન્ઝેકશનનો કર્યો ખુલાસો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે શેર માર્કેટમાં ટ્રેડીગ અને ઈન્વેસ્ટમેન્ટ ના નામે લોકો સાથે ઓનલાઈન છેતરપીંડી કરતી આંતરરાજય ગેંગ નો પર્દાફાશ કરીને ૫ આરોપીઓને ઝડપી મોટી સફળતા મેળવી છે. આરોપીઓએ વોટસએપ ગૃપ મારફતે રોકાણકારોને વધુ નફાની લાલચ આપી બનાવટી ટ્રેડીંગ પ્લેટફોર્મ પર રૂપીયા રોકાવડાવી કરોડો રૂપીયાની સાયબર ઠગાઈ આચરી હોવાનુ તપાસમાં બહાર આવ્યુ છે.

પોલીસના જણાવ્યા અનુસાર ફરીયાદીને વોટસએપ પર એક શેરમાર્કેટ ટ્રેડીંગ ગૃપ માં એડ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આરોપીઓએ શેર માર્કેટની ટીપ્સ આપીને તેમની એપ્લિકેશન દ્વારા ટ્રેડીંગ કરવાથી ભારે નફો મળશે તેવી લાલચ આપી હતી, ફરીયાદીને એક બનાવટી વેબસાઈટ ની લીંક મોકલી તેમાં આઈડી બનાવડાવવામાં આવી હતી. વિશ્વાસમાં લીધા બાદ ફરીયાદી પાસેથી અલગ અલગ બેંક ખાતાઓમાં કુલ રૂપીયા ૨૬.૨૦ લાખ ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. પરંતુ બાદમાં ન તો રોકાણ પર કોઈ નફો મળ્યો અને ન તો મુળ રકમ પરત મળી. જેથી પોતાની સાથે ઓનલાઈન છેતરપીંડી થઈ હોવાનુ સમજાતા ફરીયાદીએ રાષ્ટ્રીય સાયબર હેલ્પ લાઈન ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો. આ ફરીયાદના આધારે સુરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ હેઠળ ગુન્હો દાખલ કરીને તપાસ શરૂ કરવામાં આવી હતી. ટેકનીકલ વિશ્લેષણ , નાણાંકીય ટ્રેઈલ, ડીઝીટલ પુરાવા અને વિવિધ રાજયોની પોલીસ સાથે સંકલન કરીને આરોપીઓ સુધી પહોચવામાં સફળતા મેળવી હતી.

આ કેસમાં ઓડીશા અને પશ્ચિમ બંગાળના ૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાં રંજન ઉર્ફે સુનીલ ખીલારી, કૃષ્ણા કુંભાર ઉર્ફે કિશન, સુબાસચંદ્ર રાઉલો, એસ કે આલમગીર અને બસંતસિંહ ઉર્ફે સિંહસર ઉર્ફે બીગબોસનો સમાવેશ થાય છે. તપાસમાં બહાર આવ્યુ છે કે આરોપી રંજન અને કૃષ્ણાએ મળીને આર આર કે પબ્લીક બાજાર પ્રા.લી. ના નામે એકિસસ બેંકમાં કરંટ ખાતુ ખોલાવ્યુ હતું. ત્યારબાદ આ બેંક ખાતુ અને તેની કીટ કમિશનના આધારે અન્ય આરોપીઓને સોંપવામાં આવી હતી. આરોપીઓ આ ખાતા મારફતે સાયબર ફોડના નાણાં આઈએમપીએસ અને આરટીજીએસ દ્વારા મુખ્ય સુત્રોધારો સુધી પહોચાડતા હતા. આ કેસમાં ફરીયાદી પાસેથી ટ્રાન્સફર થયેલા કુલ રૂપીયા ૨૬.૨૦ લાખમાંથી રૂપીયા ૫૦ હજાર આ ખાતામાં આવ્યા હોવાનુ પણ તપાસમાં બહાર આવ્યુ છે. સાયબર સેલ ની તપાસ દરમિયાન વધુ ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આરોપીઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલા આ બેંક ખાતા સામે દેશભરના વિવિધ રાજયોમાંથી એનસીસીઆરપી પોર્ટલ પર કુલ ૧૪૯ સાયબર ફોડની ફરીયાદો નોંધાઈ છે. એટલુ જ નહી તારીખ ૧ માર્ચ ૨૦૨૫ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન આ એક જ ખાતામાં કુલ ૬,૫૩,૪૩,૯૨૪ કરોડના શંકાસ્પદ સાયબર ફોડ ટ્રાન્ઝેકશન થયા હોવાનુ પોલીસ તપાસમાં બહાર આવ્યુ છે.

પોલીસે જણાવ્યુ હતુ કે ધરપકડ કરાયેલા આરોપીઓ સામે અગાઉ પણ ઓડીશા , પશ્ચિમ બંગાળ તેમજ કર્ણાટકના બેંગલુરૂ શહેરના વિવિધ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનોમાં ઓનલાઈન છેતરપીંડી અને આઈટી એકટ હેઠળના અનેક ગુન્હાઓ નોંધાયેલા છે. ઉપરાંત કોલકત્તાના હરે સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં પણ વર્ષ ૨૦૧૮ માં છેતરપીંડી અને બનાવટી દસ્તાવેજોના ગુન્હામાં તેમનુ નામ નોંધાયેલુ હોવાનુ તપાસમાં જાણવા મળ્યુ છે. સુરત સાયબર ક્રાઈમ સેલે લોકોને અપીલ કરી છે કે સોશીયલ મીડીયા અથવા વોટસએપ પર મળતી શેરમાર્કેટ અને રોકાણ સંબંધિત લાલચભરી ઓફરોથી સાવચેત રહેવુ જોઈએ. કોઈપણ અજાણી એપ્લિકેશન, વેબસાઈટ અથવા રોકાણ યોજના પર વિશ્વાસ કરતા પહેલા તેની સત્તાવાર રીતે ચકાસણી કરવી જરૂરી છે. જો કોઈ વ્યકિત ઓનલાઈન છેતરપીંડીનો ભોગ બને તો તાત્કાલીક ૧૯૩૦ હેલ્પલાઈન અથવા નજીકના સાયબર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો જોઈએ.

## બદ્રીનાથ મંદિરમાં દાન ચોરી: SITએ પૂર્વ કર્મચારી રાજેન્દ્ર ચૌહાણની કરી ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)બદ્રીનાથ

બદ્રીનાથ મંદિરમાંથી દાન ચોરીના કેસમાં SITએ શુક્રવારે પૂર્વ કર્મચારી રાજેન્દ્ર ચૌહાણની ધરપકડ કરી છે. પૂર્વ કર્મચારી રાજેન્દ્ર ચૌહાણ CCTV ફૂટેજમાં ૨૨, ૨૫ અને ૨૯ જૂને પૈસાની ગણતરી કરતી વખતે પૈસાની ચોરી કરતા જોવા મળ્યો હતો. બદ્રીનાથમાં SIT દ્વારા ૪ કલાકની લાંબી પૂછપરછ પછી પૂર્વ કર્મચારી રાજેન્દ્ર ચૌહાણની બપોરે ૩ વાગ્યે ધરપકડ કરવામાં આવી છે. રાજેન્દ્ર ચૌહાણને શનિવારે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. આ પહેલાં બદ્રીનાથ મંદિરમાં દાન વ્યવસ્થાપનમાં કથિત અનિયમિતતાઓ વચ્ચે મંદિર સમિતિના કોષાધ્યક્ષની બદલી કરી દેવામાં આવી હતી. શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (BKTC)ના મુખ્ય કાર્યપાલક અધિકારી સોહન સિંહ રાંગડેએ આ માહિતી આપતાં કહ્યું હતું કે, "એક તપાસ ટીમે અમને ડબલ-લોકમાં રાખેલી કેટલીક વસ્તુઓ, ખાસ કરીને ચાંદીની બનેલી વસ્તુઓ વિશે રિપોર્ટ આપ્યો હતો. તે સામાન અને રજિસ્ટરમાં કરેલી એન્ટ્રી વચ્ચે તફાવત હતો. રજિસ્ટરમાં નોંધેલી માત્રા ઓછી હતી, જ્યારે વાસ્તવમાં ત્યાં મળેલો સામાન વધુ હતો. પૂરી શક્યતા છે કે આ માનવીય ભૂલ હતી. જો નોંધેલી માત્રા કરતાં ઓછી હોત તો હું કહેત કે તેમાંથી કેટલોક સામાન કાઢી લેવામાં આવ્યો છે."

## બાળકોને સ્કૂલે લઈ જતી વાનને ટ્રેને મારી ટક્કર: ૨ બાળકો સહિત ૩ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં આજે શુક્રવારે સવારે એક મોટો અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં બે વિદ્યાર્થીઓ સહિત ત્રણ વ્યક્તિઓના મોત થયા છે. જ્યારે અનેક વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત પણ થયા છે. આ અકસ્માત મુર્શિદાબાદના બહરામપુર વિસ્તારમાં સવારે ૭ વાગ્યે સર્જાયો હતો, જ્યારે વિદ્યાર્થીઓને લઈ જતી એક સ્કૂલ વાનને કર્ણસુબર્ણા રેલવે ક્રોસિંગ પર ટ્રેને ટક્કર મારી હતી. પ્રત્યક્ષદર્શીઓએ કહ્યું કે, રેલવે ક્રોસિંગ ખુલ્લું હતું, જેથી સ્કૂલ વાન તેને પાર કરી રહી હતી. આ દરમિયાન એક પેસેન્જર ટ્રેને તેને ટક્કર મારી દીધી હતી. પ્રત્યક્ષદર્શીઓએ કહ્યું કે, રેલવે ફાટક ખુલ્લું હોવાથી એક પ્રાઈવેટ સ્કૂલના વિદ્યાર્થીઓને લઈ જતી સ્કૂલ વાન અને એક સાઈકલ સવારે રેલવે ક્રોસિંગ પાર કરવાનો પ્રયાસ કર્યો, આ દરમિયાન ટ્રેને સ્કૂલ વાનને જોરદાર ટક્કર મારી દીધી હતી.

## હિટ એન્ડ રન નહી પરંતુ પત્ની પુત્રીનુ ચોંકાવનારૂ કાવતરૂ : મહેસાણા જિલ્લાના વિજાપુર અકસ્માત પાછળનુ સત્ય આવ્યું બહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મહેસાણા જિલ્લાના વિજાપુરમાં થોડા દિવસો અગાઉ બનેલો હિટ એન્ડ રનનો એક સામાન્ય લાગતો અકસ્માત હવે રાજયભરમાં ચર્ચાનો વિષય બન્યો છે. શરૂઆતમાં રસ્તા અકસ્માત તરીકે નોંધાયેલો આ કેસ પોલીસ તપાસમાં એક સુનિયોજીત હત્યા હોવાનુ બહાર આવ્યુ છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે મૃતકની પત્ની અને પુત્રીએ જ પોતાના નજીકના સંબંધી સાથે મળીને આ સમગ્ર કાવતરૂ રચ્યુ હોવાનુ પોલીસ તપાસમાં બહાર આવ્યુ છે.

વિજાપુર પોલીસે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે મૃતક વિનોદભાઈ પટેલની હત્યા અકસ્માતના રૂપમાં દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે સીસીટીવી ફુટેજ, ટેકનીકલ સર્વેલન્સ અને સાક્ષીઓના નિવેદનોના આધારે પોલીસે સમગ્ર ઘટનાનો ભેદ ઉકેલી આરોપીઓને કાયદાના સકંજામાં લઈ લીધા છે. હાલ પોલીસે મૃતકની પત્ની, પુત્રી અને ભાણીયા સહિત ૩ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. પોલીસે વધુમાં જણાવ્યુ હતુ કે ૮ જુલાઈ ૨૦૨૬ ની રાત્રે વિજાપુરના આનંદપુરા વિસ્તારમાં રહેતા વિનોદભાઈ પટેલ પોતાના મેડીકલ



સ્ટોર નુ કામ પૂર્ણ કરીને રાત્રે લગભગ ૮ વાગે એકિટવા પર ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન આનંદપુરા ચોકડી નજીક પાછળથી પુરઝડપે આવેલી સફેદ રંગની બ્રેઝા કાર તેમની એકિટવા સાથે જોરદાર અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે વિનોદભાઈને ગંભીર ઈજાઓ પહોચી હતી અને તેમનુ ઘટનાસ્થળે જ મોત નિપજયુ હતું. કારચાલક ઘટના બાદ તરત જ સ્થળ પર થી ફરાર થઈ ગયો હતો. પ્રારંભિક તબકકામાં આ કેસને સામાન્ય માર્ગ અકસ્માત માનવામાં આવ્યો હતો. પરંતુ ઘટનાની કેટલીક શંકાસ્પદ બાબતોને ધ્યાનમાં રાખીને વિજાપુર પોલીસે ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી હતી.

વિજાપુર પોલીસે કેસ ઉકેલવા માટે અલગ અલગ તપાસ ટીમો બનાવી હતી. ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારોના સીસીટીવી ફુટેજ એકત્ર કરવામાં આવ્યા હતા. સાથે મોબાઈલ લોકેશન, વાહનની હીલચાલ અને અન્ય ટેકનીકલ પુરાવાઓનુ પણ વિશ્લેષણ કરવામાં આવ્યુ હતું. તપાસ આગળ વધતા પોલીસને અનેક મહત્વપૂર્ણ કડીઓ મળી આવી હતી. આ કડીઓએ સમગ્ર ઘટનાને અકસ્માતમાંથી હત્યાના કેસમાં ફેરવી નાખી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યુ હતુ કે મૃતક વિનોદભાઈના પરીવારજનો સાથે લાંબા સમયથી મતભેદ ચાલતા હતા. પ્રાથમિક તપાસ મુજબ વિનોદભાઈને પત્ની અને પુત્રી પ્રત્યે સતત શંકા રહેતી હતી અને તેના કારણે ઘરમાં વારંવાર ઝઘડા તથા મારપીટ થતી હતી. પોલીસના જણાવ્યા મુજબ આ પરિસ્થિતિથી કંટાળેલી પત્ની રીટાબેન અને પુત્રી શ્રધ્ધાએ મળીને વિનોદભાઈનો કાંટો કાઢવાનુ કાવતરૂ ઘડયુ હતું. આ યોજના અમલમાં મુકવા માટે તેમણે પોતાના ભાણીયા વિમલ પટેલનો સંપર્ક કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર વિમલને આ કામ માટે પૈસાની લાલચ આપવામાં આવી હતી અને ત્યારબાદ સમગ્ર યોજના તૈયાર કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યુ કે ઘટનાના દિવસે પુત્રી શ્રધ્ધા પોતાના પિતાની દરેક હીલચાલ પર નજર રાખી રહી હતી. જયારે વિનોદભાઈ મેડીકલ સ્ટોરમાંથી નિકળ્યા ત્યારે તેમના લોકેશનની માહિતી તરતજ વિમલ પટેલને આપવામાં આવી હતી.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૦૯માં શરૂ કરાયેલી દૂધ સંજીવની યોજનાને વધુ વેગ આપતાં મુખ્યમંત્રી શ્રી ભુપેંદ્રભાઈ પટેલ

# કુપોષણ સામે ગુજરાતનો વધુ એક 'પોષણ પ્રહાર': હવે રાજયના તમામ આદિજાતિ વિસ્તારોના ICDS બ્લૉકમાં પહોંચી 'દૂધ સંજીવની યોજના'

**દૂધ સંજીવની યોજનાનું બાકી રહેલા ૫૩ ICDS બ્લૉક સુધી વિસ્તરણ કરવાનો નિર્ણય: લાભાર્થીઓને વધુ ફેટ ધરાવતું દૂધ આપવાના પાયલૉટ પ્રોજેક્ટની ૫ જિલ્લાઓમાં શરુઆત: રૂ.૩૮ કરોડથી વધુની જોગવાઈ સાથે બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણને મળશે નવી તાકાત**










ગુજરાતના આદિજાતિ અને અંતરિયાળ વિસ્તારોમાં કુપોષણ સામેની લડતને વધુ મજબૂત બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે 'દૂધ સંજીવની યોજના' અંગે મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્યના આદિજાતિ વિસ્તારોના લોકો અને ખાસકરીને નબળા વર્ગના લોકોને વિકાસની મુખ્ય ધારામાં લાવવા માટે સતત પ્રયત્નશીલ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારે કરેલા આ નિર્ણયની સાથે જ કુપોષણ વિરોધી લડતમાં મહત્વની ભૂમિકા ભજવતી દૂધ સંજીવની યોજના હવે રાજ્યના તમામ આદિજાતિ ICDS બ્લૉકમાં લાગુ થઈ ગઈ છે.

રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગે આ અંગે એક ઠરાવ પણ કરી દીધો છે કે જેના અંતર્ગત આદિજાતિ જિલ્લાઓમાં બાકી રહેલા તમામ ૫૩ ICDS બ્લૉકમાં દૂધ સંજીવની યોજનાનુ વિસ્તરણ કરવાની મંજૂરી આપી દેવામાં આવી છે. આ સાથે જ; પહેલી વાર યોજનાના લાભાર્થીઓ માટે હાઈ-ફેટ ફોર્ટિફાઇડ દૂધના પાયલોટ પ્રોજેક્ટને પણ લીલી ઝંડી અપાઈ છે. પરિણામે હવે આદિવાસી વિસ્તારોના વધુ બાળકો, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓ સુધી વધુ પૌષ્ટિક અને પોષણયુક્ત દૂધ પહોંચશે. નોંધનીય છે કે દૂધ સંજીવની યોજનાની શરૂઆત ૨૪ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ તત્કાલીન મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા માત્ર ૬ આદિજાતિ જિલ્લાઓમાં પ્રાયોગિક ધોરણે કરવામાં આવી હતી. તેના હેઠળ લાભાર્થીઓને ૨૦૦ મિલીલીટર ફોર્ટીફાઇડ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે.

● ૫ વર્ષમાં ૬થી ૨૦ જિલ્લા સુધી પહોંચી યોજના

આંગણવાડીમાં આવતા બાળકો તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓને નિયમિત ફોર્ટિફાઇડ દૂધ આપીને કુપોષણનો દર ઘટાડવાના મુખ્ય હેતુ સાથે શરૂ કરાયેલી યોજનાના સકારાત્મક પરિણામોને ધ્યાનમાં રાખીને યોજનાનું સતત વિસ્તરણ થતું રહ્યું અને ૫ વર્ષમાં યોજના ૬થી ૨૦ જિલ્લા સુધી પહોંચી ગઈ. યોજના હેઠળ વર્ષ ૨૦૧૪માં વધુ ૧૪ આદિજાતિ જિલ્લાઓના ૧૦૬ ICDS ઘટકો તથા ૨૦ વિકાસશીલ તાલુકાઓનો સમાવેશ કરાયો ૨૦૧૬થી આ યોજનામાં સહકારી ડૅરી ક્ષેત્રને પણ જોડવામાં આવ્યું અને બનાસ, અમૂલ, સુમુલ, માહી સહિત રાજ્યની વિવિધ સહકારી ડૅરીઓ દ્વારા ફોર્ટિફાઇડ દૂધનું ઉત્પાદન અને પુરવઠો શરૂ થયો. આ સહકારના કારણે યોજના વધુ સુવ્યવસ્થિત અને અસરકારક બની.

હાલમાં દૂધ સંજીવની યોજના મુખ્યત્વે રાજ્યના ૨૦ જિલ્લાઓ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જેવા મુખ્ય આદિજાતિ જિલ્લાઓ ઉપરાંત કચ્છ, દેવભૂમિ દ્વારકા, પાટણ, ખેડા, જામનગર અને બોટાદના પસંદગીના વિકાસશીલ વિસ્તારોમાં લાગુ હતી, પરંતુ હજી પણ ૫૩ ICDS બ્લૉકમાં યોજના લાગુ નહોતી.

● બાકી ૫૩ ICDS બ્લૉકના સમાવેશ અને ફેટ વધારાને મંજૂરી

દરમિયાન ICDS કમિશ્નરની કચેરી દ્વારા યોજના હેઠળ બાકી રહેલા ૫૩ ICDS બ્લૉકનો સમાવેશ કરવા તથા લાભાર્થીઓને અપાતાં દૂધના ફેટનું પ્રમાણ ૪.૫ (૯ ગ્રામ) કરવાની દરખાસ્ત કરવામાં આવી. આ દરખાસ્ત પર કાર્યવાહી કરતાં મહિલા અને બાળ વિકાસ વિભાગે ઠરાવ પસાર કરી બાકી રહેલા ૫૩ ICDS બ્લૉકમાં દૂધ સંજીવની યોજના લાગુ કરવાની મંજૂરી આપી છે.

આ સાથે જ; આ યોજના હવે રાજ્યના તમામ ICDS બ્લૉકમાં લાગુ થઈ ગઈ છે. રાજ્ય સરકારના ૧૦૦ ટકા ખર્ચે ૫૩ ICDS બ્લૉકમાં દૂધ સંજીવની યોજના શરૂ કરવાના નિર્ણયથી હજારો નવા લાભાર્થી બાળકો અને માતાઓ યોજનાના દાયરામાં આવશે અને આદિજાતિ વિસ્તારોમાં પોષણની સમાન ઉપલબ્ધિ સુનિશ્ચિત થશે.

એટલું જ નહીં; ઠરાવ મુજબ હવે યોજનામાં દુધની ગુણવત્તાનો પણ નવો માપદંડ ઉમેરાયો છે. અત્યાર સુધી આપાતા ફોર્ટિફાઇડ દૂધમાં ૧.૫ ટકા ફેટ હતું. હવે પસંદગીના જિલ્લાઓમાં વધુ ચરબીયુક્ત દૂધ આપવાનો પાયલૉટ શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. તેમાં નર્મદા, દાહોદ અને ડાંગ જિલ્લામાં ૩ ટકા ફેટવાળું દૂધ આપવામાં આવશે; જ્યારે વલસાડ અને સાબરકાંઠા જિલ્લામાં ૪.૫ ટકા ફેટવાળું દૂધ આપવામાં આવશે. આ વધારાનું ફેટ બાળકોના શારીરિક વિકાસ, ઊર્જા અને પોષણની જરૂરિયાતોને વધુ સારી રીતે પૂરી કરવામાં મદદરૂપ બનશે.

● રૂ.૩૮.૦૧૨૫ કરોડની જોગવાઈ સાથે પારદર્શકતા પર ભાર

રાજ્ય સરકારે આ વિસ્તરણ માટે અંદાજે રૂ. ૩૭.૭૦૯ કરોડની જોગવાઈ કરી છે, જ્યારે હાઈ-ફેટ પાયલૉટ પ્રોજેક્ટ માટે અલગથી રૂ. ૦.૩૦૩૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ ખર્ચ સંપૂર્ણપણે રાજ્ય સરકાર દ્વારા વહન કરવામાં આવશે.

યોજનાના અમલીકરણમાં પારદર્શિતા જળવાઈ રહે; તે માટે પણ મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે. તમામ પ્રક્રિયાઓને ઑનલાઈન બનાવવામાં આવશે, જરૂરી ખરીદી GeM પોર્ટલ મારફતે કરવામાં આવશે, નાણાકીય સહાય DBT પદ્ધતિથી આપવામાં આવશે અને સમયાંતરે સોશિયલ ઓડિટ તથા થર્ડ પાર્ટી વેરિફિકેશન પણ ફરજિયાત રહેશે. આથી યોજનાનો લાભ વાસ્તવિક લાભાર્થીઓ સુધી અસરકારક રીતે પહોંચે; તે સુનિશ્ચિત થશે.

દૂધ સંજીવની યોજના માત્ર દૂધ વિતરણની યોજના નથી, પરંતુ ગુજરાતના આગામી પેઢીના આરોગ્યમાં કરવામાં આવતું એક લાંબા ગાળાનું રોકાણ છે. કુપોષણ સામેની લડત, માતા અને બાળકના આરોગ્યમાં સુધારો, આદિજાતિ વિસ્તારોમાં પોષણની સમાન તક અને સહકારી ડૅરી વ્યવસ્થાનો સફળ ઉપયોગ; આ તમામ બાબતોને એક સાથે જોડતી આ યોજના હવે નવા તબક્કામાં પ્રવેશી છે. બાકી રહેલા તમામ ICDS બ્લૉક સુધી વિસ્તરણ અને હાઈ-ફેટ દૂધના પ્રયોગ સાથે ગુજરાત સરકારે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે રાજ્યના કોઈપણ બાળકનું ભવિષ્ય પોષણના અભાવે નબળું ન પડે; તે માટે સરકાર સતત પ્રતિબદ્ધ છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના શહેરી વિકાસમાં આમૂલ પરિવર્તન માટે શરૂ કરાવેલા અર્બન ચેલેન્જ ફંડમાંથી અમદાવાદના ૬ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ માટે ૨૭૧૯ કરોડ રૂપિયા મંજૂર થયા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના શહેરી વિકાસમાં આમૂલ પરિવર્તન માટે શરૂ કરાવેલા અર્બન ચેલેન્જ ફંડમાંથી અમદાવાદ મહાનગરમાં ૬ જેટલા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ માટે ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે કુલ ૨૭૧૯.૮૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે મંજુર કરેલા આ પ્રોજેક્ટ્સમાં મુખ્યત્વે પશ્ચિમ અમદાવાદના મુખ્ય ગટર નેટવર્કના પુર્નવસન માટે ૮૫૨.૯૩ કરોડ, પૂર્વ અમદાવાદના મુખ્ય ગટર નેટવર્કના પુર્નવસન માટે ૫૫૧.૩૫ કરોડ, અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં જૂના ગટર નેટવર્કના પુર્નવસન માટે ૨૯૦.૨૪ કરોડ તથા ઈન્ટેલિજન્ટ વૉટર મેનેજમેન્ટ સિસ્ટમ માટે ૨૧૫ કરોડ અને ૧૨૫ TPDની ઈન્ટીગ્રેટેડ સ્લજ મેનેજમેન્ટ ફેસીલીટી માટે ૪૭૯.૨૫ તેમજ ITMS અને AFCS માટે ૩૩૧.૦૩ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ્સ કાર્યરત થતાં અમદાવાદ શહેરના ગટર નેટવર્કનું રીહેબીલીટેશન કરીને ગટર ઓવરફ્લો તથા લીકેજ જેવી સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે. એટલું જ નહિ, સમગ્ર ગટર અને સ્ટોર્મ વોટર સિસ્ટમનું રિયલ-ટાઈમ ડિજિટલ મોનિટરિંગ અને સ્માર્ટ સંચાલન શક્ય બનશે. ઉપરાંત, ગટરનાં સ્લજમાંથી બાયોગેસ અને ગ્રીન એનર્જીના ઉત્પાદનથી પર્યાવરણને અનુકૂળ અને સર્ક્યુલર ઈકોનોમીને પ્રોત્સાહન મળશે. ઈન્ટીગ્રેટેડ ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ સિસ્ટમ ITMS અને ઓટોમેટેડ ફેર કલેક્શન સિસ્ટમના કારણે AMTS, BRTS અને મેટ્રો માટે કોમન મોબિલિટી કાર્ડ અને કોમન જર્ની એપ્લિકેશન મારફતે નાગરિકોને સરળ મુસાફરીની સેવા, જાહેર પરિવહન સંબંધિત સચોટ અને રિયલ-ટાઈમ માહિતી, આર્ટિફિશ્યલ ઈન્ટેલલિજેન્સ નો ઉપયોગ કરીને રૂટનું કાર્યક્ષમ આયોજન તેમજ આધુનિક ઈન બસ સર્વેલન્સ દ્વારા એન્હાન્સ્ડ ઈન્સીડેંટ મેનેજમેન્ટ સાથે સુરક્ષિત અને સલામત સવારીની સુવિધા મળતી થશે. આ પ્રોજેક્ટ્સ દ્વારા અમદાવાદને વધુ સ્માર્ટ, સ્વચ્છ, રિઝિલિયન્ટ અને વૈશ્વિક ધોરણોનું શહેર બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પ્રગતિ થશે. કાર્યક્ષમ, ટકાઉ અને ભવિષ્યલક્ષી શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસશે તથા નાગરિકોને વધુ ગુણવત્તાયુક્ત સેવાઓ પ્રાપ્ત થશે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સિટિઝન સેન્ટ્રિક, ટેક્નોલોજી બેઈઝ્ડ અને સસ્ટેનેબલ અર્બન ડેવલપમેન્ટ માટેનું વિઝન અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગત મળેલી આ મંજૂરીથી વધુ મજબૂત બનશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા દેશના શહેરોને માર્કેટ આધારિત ધિરાણ અને સંતુલિત પ્રાદેશિક વિકાસ તરફ આગળ વધવા પ્રોત્સાહિત કરવા માટે અર્બન ચેલેન્જ ફંડ શરૂ કરવામાં આવેલું છે અને ૫ વર્ષ દરમિયાન કુલ ૧ લાખ કરોડની કેન્દ્રીય સહાય માર્કેટ લેડ અર્બન ટ્રાન્સફર્મેશન માટે આ ફંડ પૂરી પાડે છે.

આ યોજના અન્વયે ક્રિએટિવ રિડેવલપમેન્ટ ઓફ સીટીઝ, સીટીઝ એઝ ગ્રોથ હબ અને વોટર એન્ડ સેનિટેશન એમ ત્રણ વર્ટિકલ્સમાં પ્રોજેક્ટના કામો કરી શકાય છે.

ગુજરાતને અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગત ૬,૪૭૫ કરોડની કેન્દ્રીય સહાય ઉપલબ્ધ કરાવવામાં આવેલી છે. જેનાથી રાજ્યના શહેરો દ્વારા કુલ ૨૫ હજાર ૯૦૦ કરોડની રકમના કામો અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગત હાથ ધરી શકાશે. આ ફંડ અંતર્ગત પ્રોજેક્ટ્સની રકમના ૨૫ ટકા કેન્દ્ર સરકારની સહાય, ૨૫ ટકા રાજ્ય સરકારની સહાય અને બાકીના ૫૦ ટકા મ્યુનિસિપલ બોન્ડ, લોન અથવા PPP દ્વારા ઉપલબ્ધ કરવાની રહે છે.

તદઅનુસાર, અમદાવાદ મહાનગરપાલિકાને આ ૬ પ્રોજેક્ટ્સ માટે ૬૭૯.૯૫ કરોડની કેન્દ્રીય સહાય તથા ૬૭૯.૯૫ કરોડની રાજ્ય સરકારની સહાય મળશે બાકીની રકમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન લોનથી મેળવશે.

કંપનીની 'કમ બેક હોમ' ઝુંબેશથી ગુજરાતના પ્રતિભાશાળી યુવાનો પરિવાર સાથે રહીને વતનમાં જ આંતરરાષ્ટ્રીય સ્તરની કારકિર્દી ઘડી શકશે

## ગિફ્ટ સિટી ખાતે HCL ટેકના ગ્લોબલ ટેકનોલોજી સેન્ટરનું નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ




ભારતીય આઈટી ઉદ્યોગની અગ્રણી અને સૌથી ઝડપથી વિકસતી કંપની HCL ટેકના ગિફ્ટ સિટી ખાતે કાર્યરત થયેલા ગ્લોબલ ટેકનોલોજી સેન્ટરનું નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્યમંત્રી શ્રીએ આ નવી શરૂઆતને ગિફ્ટ સિટી અને ગુજરાતના આઈટી સેક્ટરના વિકાસ માટે એક અત્યંત મહત્વપૂર્ણ સીમાચિહ્ન ગણાવ્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે મોટી આઈટી કંપનીઓ અન્ય રાજ્યોથી મેનપાવર આયાત કરતી હોય છે, પરંતુ તેનાથી વિપરીત HCL ટેક સ્થાનિક સ્તરે જ રોજગારીની તકો ઊભી કરવા અને સ્થાનિક ભાગીદારોને સાથે રાખીને આગળ વધવાની દિશામાં કામ કરી રહી છે. કંપનીની આ નીતિ ખરા અર્થમાં પ્રશંસનીય છે અને તે રાજ્યના યુવાધનને સ્વનિર્ભર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

મંત્રીશ્રીએ HCL કંપની દ્વારા ચલાવવામાં આવતી 'કમ બેક હોમ' પહેલની સરાહના કરતા કહ્યું હતું કે, ગુજરાતના જે પ્રતિભાશાળી યુવાનો રોજગારી અર્થે પોતાના પરિવાર અને માતા-પિતાથી દૂર બેંગલુરુ, પુણે, હૈદરાબાદ કે યુ.એસ. જેવા સ્થળોએ કામ કરે છે, તેમને પોતાના વતનમાં પરત લાવી રોજગારી આપવાની HCL ની પહેલ અન્ય કંપનીઓ માટે ઉદાહરણ બની છે. આ સેન્ટરના માધ્યમથી હવે ગુજરાતી યુવાનો પરિવાર સાથે રહીને, પોતાના ઘર આંગણે જ વૈશ્વિક સ્તરની આઈટી કારકિર્દી ઘડી શકશે અને પોતાના સપના સાકાર કરી શકશે. પ્રારંભિક તબક્કે આ સેન્ટરમાં ૧૦૦ લોકોની ટીમ સાથે શરૂઆત કરવામાં આવી છે, જેમાં મહત્તમ સ્થાનિક ગુજરાતી યુવાનોનો સમાવેશ થાય છે.

HCL ટેક દ્વારા આ સેન્ટરમાં ફાઈનાન્સ આઈટી સેક્ટર ઉપરાંત અત્યંત આધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ લેબની સ્થાપના કરવામાં આવી છે, જેને નાયબ મુખ્યમંત્રીશ્રીએ ભવિષ્યની ટેકનોલોજી માટે ગેમ-ચેન્જર ગણાવી હતી.

તેમણે ગિફ્ટ સિટીની સ્થાપનાના ગૌરવવંતા ઈતિહાસને યાદ કરતા જણાવ્યું હતું કે, વર્ષો પહેલાં આ એક ઉજ્જડ ભૂમિ હતી, પરંતુ યોગ્ય નેતૃત્વ, દ્રઢ સંકલ્પ અને સખત મહેનતથી કોઈપણ સપનાને જમીન પર સાકાર કરી શકાય છે તેનું ગિફ્ટ સિટી ઉત્તમ ઉદાહરણ છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સ્થળને વૈશ્વિક કક્ષાનું ફાઈનાન્સિયલ ટેક સિટી બનાવવાનું દીર્ઘદ્રષ્ટિપૂર્ણ સપનું જોયું અને આજે તેણે પૂર્ણ કર્યું છે.

તેમણે અંતમાં HCL કંપનીને શુભેચ્છાઓ પાઠવતા અનુરોધ કર્યો હતો કે, હાલ બે ફ્લોર પર શરૂ થયેલું આ સેન્ટર આગામી દિવસોમાં વધુ વિસ્તરે અને ગુજરાતમાં HCL મોટું યુનિટ સ્થાપે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે કંપનીના વરિષ્ઠ અધિકારીઓ સવશ્રી વિજયકુમાર, રાહુલ સિંહ, સંજય કૌલ અને આઈટી ક્ષેત્રના અગ્રણીઓ તથા યુવા પ્રોફેશનલ્સ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યમાં ૧૯,૫૦૦ ટીમોથી વધુ આરોગ્યની ટીમો દ્વારા ૬.૫૧ કરોડની વસ્તીનું સર્વેલન્સ, ૨૯ લાખ બ્રીડિંગ સાઈટ્સનો નાશ

## ચોમાસામાં મચ્છરજન્ય રોગો સામે આરોગ્ય વિભાગ એક્શન મોડમાં: મેલેરિયાના રેકોર્ડબ્રેક ૯૪ લાખથી વધુ ટેસ્ટ, ૪૮૬ દર્દીઓને મળી ફ્રી સારવાર

ગુજરાતમાં ચોમાસાની ઋતુની શરૂઆત થતાં જ મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા જેવા મચ્છરજન્ય રોગોના ફેલાવાને રોકવા માટે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા એક્શન મોડમાં કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં 'રાષ્ટ્રીય વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ' અંતર્ગત યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ અભિયાન હેઠળ વર્ષ-૨૦૨૬માં મેલેરિયાના વહેલા નિદાન માટે અત્યાર સુધીમાં રેકોર્ડબ્રેક ૯૪ લાખથી વધુ લોહીના નમૂના લેવામાં આવ્યા છે, જેમાં પોઝિટિવ જણાતા તમામ ૪૮૬ દર્દીઓને તંત્ર દ્વારા સંપૂર્ણપણે નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના સચોટ નિદાન માટે રાજ્યની મેડિકલ કોલેજો સંલગ્ન ૪૨ હોસ્પિટલોમાં ખાસ નિદાન કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે, જ્યાં અત્યાર સુધીમાં ડેન્ગ્યુ માટે ૬૫,૨૯૩ અને ચિકુનગુનિયા માટે ૯,૯૬૩ સીરમ સેમ્પલની તપાસ કરવામાં આવી છે.

મચ્છરોનો નાશ કરવા માટે આરોગ્ય વિભાગની ટીમો સીધી નાગરિકોના ઘર સુધી પહોંચી રહી છે. આ વર્ષે હાઉસ-ટુ-હાઉસ ઝુંબેશના બીજા રાઉન્ડ અંતર્ગત ૧૯,૫૦૦થી વધુ આરોગ્ય ટીમોએ ૬.૫૧ કરોડથી વધુની વસ્તીને સર્વેલન્સ હેઠળ આવરી લીધી હતી. આ હાઉસ-ટુ-હાઉસ સર્વે દરમિયાન તાવના લક્ષણો ધરાવતા દર્દીઓની તપાસ કરી મેલેરિયાના ૨૮ નવા કેસ શોધી કાઢવામાં આવ્યા હતા અને તુરંત જ તેમની સારવાર શરૂ કરી દેવાઈ હતી. મચ્છરોના ઉપદ્રવને રોકવા માટે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ૨૯ લાખથી વધુ મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો -બ્રીડિંગ સાઈટ્સ સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, મચ્છરોના સફાયા માટે ૩ લાખથી વધુ ઘરોમાં ફોગિંગ - ધુમાડો કરવામાં આવ્યું છે. મચ્છરોનો ફેલાવો અટકાવવા કાયમી ધોરણે પાણી ભરાઈ રહેતું હોય તેવા ૪,૯૯૮ સ્થળો પર મચ્છરોના પોરા ખાઈ જતી ખાસ 'પોરાભક્ષક' - લાર્વીવોરસ માછલીઓ મૂકવામાં આવી છે. તદ્દુપરાંત, રાજ્યના સંવેદનશીલ ૨૪ જિલ્લાના ૧૧૬ ગામોની ૧.૦૬ લાખની વસ્તીને જંતુનાશક દવાના પ્રથમ રાઉન્ડ હેઠળ આવરી લેવાઈ છે, જ્યારે આ દવાનો બીજો રાઉન્ડ આગામી ૧ ઓગસ્ટ ૨૦૨૬થી શરૂ કરવામાં આવશે. રાજ્યમાં વાહકજન્ય રોગો સામેની આ લડતને જન-આંદોલન બનાવવા માટે આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ગુજરાતના તમામ સરપંચોને વહીવટી અને સામાજિક સહકાર આપવા અપીલ કરી છે. આ રોગચાળાને નાથવા માટે રાજ્યના તમામ સ્તરે મેલેરિયા વિરોધી ઔષધો, જંતુનાશકો અને લાર્વીસાઈડ્સનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવી દેવાયો છે. સોશિયલ મીડિયા તેમજ પ્રિન્ટ મીડિયાના માધ્યમથી જનજાગૃતિ પણ ફેલાવવામાં આવી રહી છે. બીજી તરફ, ગુજરાતને વાહકજન્ય રોગોથી સંપૂર્ણ સુરક્ષિત રાખવા માટે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર પરિસ્થિતિનું દૈનિક, સાપ્તાહિક અને માસિક ધોરણે કડક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

- પ્રિન્સ ચાવલા

## ભારતને નહીં રહે સ્ટારલિંકની જરૂર ! : સેટેલાઈટ ઈન્ટરનેટ નેટવર્ક બનાવવા માટે Jio ને મળી મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સેટેલાઈટ ઈન્ટરનેટ માટે રિલાયન્સ જીઓને એક જરૂરી મંજૂરી મળી ગઈ છે. વાસ્તવમાં, જીઓ લો-અર્થ ઓર્બિટમાં ૧૬૦૦ સેટેલાઈટ ડિપ્લોય કરવા માંગે છે. દેશના સ્પેસ રેગ્યુલેટર IN-SPACe એ કંપનીના આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. ISRO અને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન (DoT) ની સાથે મળીને કરવામાં આવેલા ટેકનિકલ રિવ્યુમાં જીઓના પ્લાનને ટેકનિકલ રીતે યોગ્ય માનવામાં આવ્યો છે. આ મંજૂરી મળ્યા બાદ હવે જીઓ ઓર્બિટલ સ્લોટ માટે ઈન્ટરનેશનલ ફાઈલિંગ કરી શકશે. આ સાથે જ જીઓનો ભારતનો પ્રથમ સેટેલાઈટ બ્રોડબેન્ડ કોન્સ્ટેલેશન બનાવવાનો રસ્તો સાફ થઈ જશે. આ છે જીઓનું આખું પ્લાનિંગ: જીઓ લો-અર્થ ઓર્બિટમાં ૧૬૦૦ સેટેલાઈટ ડિપ્લોય કરવા માંગે છે. ધરતીથી ૧૬૦-૨૦૦૦ કિલોમીટર ઉપરના ઓર્બિટ ઝોનને લો-અર્થ ઓર્બિટ (LEO) કહેવામાં આવે છે. ૧૬૦૦ સેટેલાઈટની મદદથી જીઓ સ્પેસમાં એક કોમ્યુનિકેશન નેટવર્ક બનાવશે, જે દેશભરમાં હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અને મોબાઈલ કનેક્ટિવિટી આપવાના કામમાં આવશે. એલોન મસ્કની કંપની સ્ટારલિંક પહેલેથી જ સેટેલાઈટ ઈન્ટરનેટ પ્રોવાઈડ કરી રહી છે, પરંતુ તેને હજુ ભારતમાં પોતાની સર્વિસ શરૂ કરવાની મંજૂરી મળી નથી. જીઓના પ્રસ્તાવ મુજબ, સેટેલાઈટ નેટવર્કને 4.5-5Tbps ની કેપેસિટી ઓફર કરવાના હિસાબે ડિઝાઈન કરવામાં આવશે. આ બીજા ઘણા સેટેલાઈટ પ્રોજેક્ટ્સની સરખામણીમાં ખૂબ જ વધારે છે. પોતાના સેટેલાઈટ ઓપરેશન અને નેટવર્ક સર્વિસને સપોર્ટ કરવા માટે જીઓ દેશભરમાં ૨૦-૨૨ ગ્રાઉન્ડ સ્ટેશન પણ તૈયાર કરશે. આ નેટવર્ક કન્ઝ્યુમર અને એન્ટરપ્રાઈઝ સેગમેન્ટની સર્વિસ આપવા માટે ઉપયોગમાં લેવાશે. આ સિવાય જીઓ બ્રોડબેન્ડ અને સેલ્યુલર બેકહોલ જેવી ફિક્સ્ડ સેટેલાઈટ સર્વિસની સાથે-સાથે ડાયરેક્ટ-ટુ-ડિવાઈસ જેવી મોબાઈલ સેટેલાઈટ સર્વિસ આપવાની પણ યોજના બનાવી રહ્યું છે.


**પશ્ચિમ રેલ્વે**
**ટેલિકોમ કાર્ય**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (CO), બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008, ઈ-ટેન્ડર નંબર: MMCT-SnT-STTD-24-2026 તા. 14/07/2026 આમંત્રિત કરે છે. કામનું નામ: મુંબઈ ડિવિઝન:- ટેલિકોમ કાર્ય 1. T2 અને T3 UTS સ્થાનો પર રાઉટર્સ અને સ્વિચ બદલવા, 2. T2 અને T3 FOIS સ્થાનો પર રાઉટર્સ અને સ્વિચ બદલવા, 3. 126 ATVMs ને UTN કનેક્ટિવિટી અને 4. મુંબઈ સેન્ટ્રલ નોર્થ ફૂટ ઓવર બ્રિજ પર બુકિંગ ઓફિસની જોગવાઈ. કામની કિંમત: ₹1,89,95,056.77/- બિડ સુરક્ષા: 3,79,900/-. ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવા માટે બંધ થવાની તારીખ અને સમય: તા.05.08.2026 ના 15:00 કલાક સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા.05.08.2026 ના રોજ 15:30 કલાકે. ટેન્ડર વેબસાઇટ www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0370

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**
**લિફ્ટસ ની જોગવાઈના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ**

ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/ADI/20 (26-27) તારીખ: 16.07.2026
ટેન્ડર નં. EL-ADI-G-T-23-2026-27

**કામનું નામ:** અમદાવાદ ડિવિઝન :- ૧૨ સ્ટેશનો ખાતે ૧૩ નંગ લિફ્ટ (એટલે કે ચાંદલોડિયા-A-૧, અસારવા-૧, કલોલ-૧, મહેસાણા-૧, ઉંઝા-૧, ભીલડી-૧, પાલનપુર-૧, ભચાઉ-૧, ધ્રાંગધ્રા-૨, વિરમગામ-૧, પાટણ-૧ અને હિંમતનગર-૧) ની જોગવાઈના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. **અંદાજીત પડતર:** ₹ ૫,૧૭,૧૧,૯૧૩/- **અર્નેસ્ટ મની:** ૧૦,૩૪,૨૦૦/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમય: તા.૧૨-૦૮-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને **તા.૧૨-૦૮-૨૦૨૬** ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું:** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in ADI-108

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**
**મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ**
**વિવિધ સામગ્રી પુરવઠો**
**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના નંબર S/38/2026 તારીખ 14.07.2026**

| ક્ર.નં. | ટેન્ડર નંબર | વસ્તુઓનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|---|
| 315 | 06265030 | તાંબાના સંપર્ક વાયર,107 ચો.મી. | 520.1કિ.મી. | 25-ઓગષ્ટ-26 |
| 316 | 09265008 | એર કોમ્પ્રેસર | 30 નંગ | 21-ઓગષ્ટ-26 |
| 317 | 11265011 | જોડાયેલ ટેકનિકલ સ્પષ્ટીકરણો અનુસાર વિષય મશીન/ઉપકરણનો પુરવઠો, સ્થાપન અને કમિશનિંગ | 1 નંગ | 20-ઓગષ્ટ-26 |
| 318 | 06265035 | તાંબાના કેટેનરી વાયર 65 ચો.મી. | 475.8 કિ.મી. | 20-ઓગષ્ટ-26 |
| 319 | 10265010 | જોડાણ વિનાના ખાંચવાળા સંપર્ક વાયર, 150 ચો.મી. | 161 કિ.મી. | 17-ઓગષ્ટ-26 |
| 320 | 11265013 | જોડાયેલ સ્પષ્ટીકરણ મુજબ 10/3 ટન ક્ષમતા ધરાવતી EOT ક્રેનનો પુરવઠો, સ્થાપન અને કમિશનિંગ | 1 નંગ | 17-ઓગષ્ટ-26 |
| 321 | 09265002A | BHEL મોડેલ ટ્રેક્શન મોટર સાથે પિનિયન સાથે પૂર્ણ ટ્રેક્શન મોટર | 9 નંગ | 14-ઓગષ્ટ-26 |
| 322 | 09265017 | સંપૂર્ણ ગિયર વ્હીલ અને એક્સલ સસ્પેન્શન ટ્યુબ એસેમ્બલી | 20 સેટ | 14-ઓગષ્ટ-26 |
| 323 | 23261946 | LHB NAC માટે પ્રાથમિક સ્પ્રિંગ ઇનર | 5005 નંગ | 12-ઓગષ્ટ-26 |
| 324 | 06255048A | છત પર માઉન્ટ થયેલ AC પેકેજ | 22 સેટ | 11-ઓગષ્ટ-26 |
| 325 | 15260514A | બોગી બોલ્સ્ટર સ્પ્રિંગ સસ્પેન્શન માટે હેંગર | 10952 નંગ | 10-ઓગષ્ટ-26 |
| 326 | 06261711 | સીલબંધ આડા સ્ક્રોલ કોમ્પ્રેસર | 60 નંગ | 07-ઓગષ્ટ-26 |

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 0368

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને લાઈક કરો: X.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**
**સ્ટોર્સ વિભાગ**
**ઓગસ્ટ 2026 દરમિયાન પી-વે અને અન્ય વિવિધ સ્ક્રેપ માટે ઇ-હરાજી વેચાણ**
**ખાસ ધ્યાન: બધા સ્ટીલ ખરીદદારો અને રિ-રોલર્સ**

પી. વે સ્ક્રેપ, રેલ સ્ક્રેપ અને અન્ય વિવિધ સ્ક્રેપ સામગ્રીના નિકાલ માટે જાહેર ઇ-હરાજી નીચે આપેલા કાર્યક્રમ મુજબ ઓગસ્ટ 2026 માં યોજાશે:

| પહેલો રાઉન્ડ | બીજો રાઉન્ડ | ડેપો/વિભાગ | ચાર્જ અધિકારી | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| 03/08/2026 | 17/08/2026 | રતલામ | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-રતલામ | 07412230080 09752492750 |
| 04/08/2026 | 18/08/2026 | વડોદરા | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-વડોદરા | 02652641592 09724091750 |
| 05/08/2026 | 19/08/2026 | દાહોદ | ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર-દાહોદ | 02673241295 09724090455 |
| 06/08/2026 | 20/08/2026 | અમદાવાદ | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-અમદાવાદ | 07922205888 09724093750 |
| 07/08/2026 | 21/08/2026 | મુંબઈ સેન્ટ્રલ | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-મુંબઈ સેન્ટ્રલ | 022-23094142 09004499006 |
| 10/08/2026 | 21/08/2026 | પ્રતાપનગર | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-વડોદરા | 02652641592 09724091750 |
| 11/08/2026 | 27/08/2026 | રાજકોટ | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-રાજકોટ | 02812476943 09724094770 |
| 12/08/2026 | 25/08/2026 | સાબરમતી | ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર-સાબરમતી | 02812476943 09724094770 |
| 13/08/2026 | 25/08/2026 | મહાલક્ષ્મી | ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર-મહાલક્ષ્મી | 022-24929571 09004495750 |
| 14/08/2026 | 27/08/2026 | ભાવનગર | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-ભાવનગર | 02782444360 09724097750 |

વિગતવાર માહિતી માટે કૃપા કરીને સંબંધિત ડેપો/વિભાગીય અધિકારીઓનો સંપર્ક કરો.
નોંધ :- 1. રેલ્વે ઈ-ઓક્શનમાંથી કોઈપણ લોટ ઉપાડવાનો અધિકાર અનામત રાખે છે. 2. ઈ-ઓક્શન નિર્ધારિત સમયે શરૂ થશે. 3. ઈ-ઓક્શન કેટલોગ www.ireps.gov.in ઈ-ઓક્શન પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે. 4. ઈ-ઓક્શન, ડિજિટલ સિગ્નેચર, નોંધણી પ્રક્રિયા અને ભાગીદારી અંગે કોઈપણ સહાયની જરૂર હોય તો, કૃપા કરીને ઉપરોક્ત ડેપો/વિભાગીય અધિકારીનો સંપર્ક કરો. 5. બધા ચુકવણી વ્યવહારો ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા કરવામાં આવશે.
(નં.S/SIII/ઓક્શન કાર્યક્રમ-1/ઓગસ્ટ 2026, તારીખ 07.07.2026) 0367

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: X.com/WesternRly

### રાજયમાં હવેથી અશાંતધારાના સ્થાને

# સ્પેસિફાઇડ એરિયા શબ્દનો ઉપયોગ કરવા સાથે વેચાણ પ્રક્રિયા વધુ કડક કરાશે

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત સરકાર ધ્વારા અશાંતધારા અંતર્ગત એક મહત્વપૂર્ણ નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. જેમાં હવે અશાંતધારાને બદલે સ્પેસિફાઇડ એરિયા (નિયત અથવા વિશિષ્ટ વિસ્તાર) શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. આ વિસ્તારો નક્કી કરવા માટે એક મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવશે.

જેની સલાહના આધારે જે વિસ્તારોમાં કોમી તણાવ હોય અને ભવિષ્યમાં સ્થળાંતરની સંભાવના જણાય ત્યાં આ કાયદો લાગુ કરાશે. જ્યારે મિલકત વેચાણની પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે કલેક્ટર કક્ષાએ તપાસ કરવામાં આવશે. અને આ માટે એક સ્પેશયલ ઈન્વેસ્ટિગેશન ટીમ **(SIT)** બનાવવામાં આવશે. અને તપાસ બાદ જ વેચાણની મંજૂરી મળશે, અને જો ગેરકાયદેસર રીતે મિલકત ટ્રાન્સફર થઈ હશે તો તે રદ કરીને છ માસમાં રકમ પરત કરી મિલકતનો કબજો પરત લેવાની જોગવાઈ કરવામાં આવી છે.

આ સમગ્ર પ્રક્રિયા અંગેના વિસ્તૃત નિયમો સાથેનું નોટિફિશન સરકાર ધ્વારા બહાર પાડવામાં આવ્યું છે. આમ સરકારના નવા નોટિફિકેશન મુજબ હવેથી અશાંતધારા શબ્દ પ્રચલિત નહીં રહે. તેની જગ્યાએ સ્પેસિફાઇડ એરિયા ( નિયત અથવા વિશિષ્ટ વિસ્તાર) શબ્દનો ઉપયોગ કરવામાં આવશે.

ઉપરાંત જે વિસ્તારોમા કોમી તણાવ રહેતો હોય અથવા ભવિષ્યમાં ત્યાંથી લોકોનું મોટા પાયે સ્થળાંતર થવાની સંભાવના હોય, તેવા વિસ્તારોને ખાસ ધ્યાન હેઠળ રાખીને સ્પેસિફાઇડ એરિયા જાહેર કરવામાં આવશે.

જ્યારે કોઈપણ વિસ્તારને સ્પેસિફાઇડ એરિયા જાહેર કરતાં પહેલા હવે એક ખાસ મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવશે. અને આ કમિટીની સલાહ અને ભલામણોના આધારે જ રાજય સરકાર કોઈ વિસ્તારને સ્પેસિફાઇડ એરિયા તરીકે જાહેર કરશે. સરકારના આ નવા નોટિફિકેશનથી મિલકત ટ્રાન્સફરની પ્રક્રિયા વધુ પારદર્શક અને કાયદાકીય રીતે સુરક્ષિત બનશે.

### દરેક માર્કેટને લગભગ ૨૦ થી ૩૦ લાખ રૂપિયાના નુકશાનનો અંદાજ

# સુરતમાં આવેલા પૂરના પાણીમાં નુકશાન પામેલી સુરતની ૩૦ જેટલી ટેક્ષટાઈલ્સ માર્કેટોનો રાહત પેકેજમાં સમાવેશ કરો

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતમાં દર વર્ષે આવતા ખાડીપૂરને કારણે જાન-માલના થતાં નુકશાન અંગે હજુ સુધી તંત્ર ધ્વારા કોઈ નિર્ણાયક અને કાયમી ધોરણે આ સમસ્યાનું નિરાકરણ નહીં લાવવાના કારણે આ વર્ષે પણ ખાડી પૂરના પાણીની વરાછા સહિત લિંબાયત અને ઉધના ઝોનમાં ખાડી કિનારાના વિસ્તારોમાં જળબંબાકાર ની સ્થિતિ જોવા મળી હતી. પરંતુ આ વર્ષે ૦૭મી જુલાઈના રોજ અનરાધાર વરસાદને કારણે શહેરમાં ભારે પૂરના દ્રશ્યો જોવા મળ્યા હતા. અને એમાં ખાસ કરીને શોપિંગ સેન્ટર અને ટેક્ષટાઈલ માર્કેટોના બેઝમેન્ટમાં પાણી ઘૂસી જતાં કરોડો રૂપિયાનું નુકશાન થવા પામ્યું છે. ટેક્ષટાઈલ નગરી તરીકે વૈશ્વિક ઓળખ ધરાવતા સુરત શહેરમાં વરસાદી પૂરને કારણે પહેલી વખત ૩૦ જેટલી માર્કેટોના બેઝમેન્ટ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જ્યારે ડબલ બેઝમેન્ટ પાર્કિંગ ધરાવતી માર્કેટોમાં વરસાદી પૂરના પાણીના નિકાલમાં એક વિક (સપ્તાહ) કરતાં વધુ સમય થઈ ગયો છે. આ દરમ્યાન માર્કેટોમાં લાખો રૂપિયાના નુકશાનની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.જેમાં લિફ્ટથી માંડીને વાયરિંગ સહિત ફાયર સેફટીના સાધનોને પણ ભારે નુકશાન પહોંચતા અંદાજે પ્રત્યેક માર્કેટને સરેરાશ ૨૦ લાખથી વધુનું નુકશાન થયું હોવાની ગણતરી કરવામાં આવી રહી છે. આ પરિસ્થિતીમાં હવે રાજય સરકાર ધ્વારા ટેક્ષટાઈલ માર્કેટનો પણ રાહત પેકેજમાં સમાવેશ કરવામાં આવે તેવી સંચાલકો ધ્વારા માંગ કરવામાં આવી રહી હોવાનું પણ જાણવા મળેલ છે. ત્યારે હવે જોવું એજ રહ્યું કે સંવેદનશીલ કહેવાતી આ સરકાર ટેક્ષટાઈલને થયેલા નુકશાન અંગે કેટલી સંવેદના રાખે છે?

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો હુંકારઃ મારે કોઈપણ ભોગે વિધાનસભામાં ૧૬૦ બેઠકો જીતવી જરૂરી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાત વિધાનસભાની ચુંટણીના આડે દોઢ વરસથી પણ ઓછો સમય બાકી છે. રાજયમાં સતત આઠમી વાર સત્તા સુખ પ્રાપ્ત કરવા સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા અત્યાર થી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાતની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સરકાર અને સંગઠનના મુખ્ય ૭ હોદ્દેદારો સાથે ગઈ કાલે ૨ થી ૩ કલાકની મેરેથોન બેઠક યોજી હતી. જેમાં વિધાનસભાની આગામી ચુંટણીમાં ઓછામાં ઓછી ૧૬૦ બેઠકો જીતવાના લક્ષાંક અને સંકલ્પ સાથે આજ થી જ કામે લાગી જવાની મંત્રીઓને ટકોર કરી હતી. ૨૦૨૨ ની ચુંટણીમાં ગુમાવેલી અથવા ઓછા માર્જીનથી જીતેલી બેઠકો પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાનુ મહત્વપૂર્ણ સુચન આપ્યુ હતું. તાજેતરમાં રાજયમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં જે ઉણપ રહી ગઈ હતી તે દુર કરવા પણ જણાવ્યુ હતું. લોકોના મનમાં સત્તા વિરોધી લહેર ઉભી થાય તે અગાઉ જ પ્રજાજનોની વચ્ચે જઈ જનસુખાકારીના કામોને વેગ આપવા પણ સુચન કર્યુ હતું. તાજેતરમાં ગુજરાતની મુલાકાતે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરકાર અને સંગઠનના હોદ્દેદારો સાથે બેઠક યોજી હતી. દરમિયાન અષાઢી બીજના દિવસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા , સંગઠન મહામંત્રી રત્નાકરજી અને પ્રદેશ મહામંત્રીઓ સહિત સરકાર અને સંગઠનના કુલ ૮ પૈકી ૭ મુખ્ય આગેવાનો સાથે બેઠક યોજી હતી. જેમાં વિધાનસભાની આગામી ચુંટણીની ચર્ચા જ કેન્દ્ર સ્થાને રહી હતી. ચુંટણીના આડે હજુ દોઢ વરસ જેટલો સમય બાકી છે પરંતુ સત્તાધારી પક્ષ ભાજપ અત્યાર થી ચુંટણીનો રોડમેપ બનાવી તૈયારીઓ શરૂ કરવામાં લાગી ગઈ છે. ૨૦૨૨ વિધાનસભાની ચુંટણીમાં ભાજપ રાજયમાં ૧૮૨ બેઠકો પૈકી ૧૫૬ બેઠકો જીતી હતી. ત્યારબાદ યોજાયેલી પેટાચુંટણીમાં પક્ષની બેઠકો વધી હતી. હાલ ભાજપ પાસે વિધાનસભામાં ૧૬૧ ધારાસભ્યોનુ સભ્યસંખ્યા બળ છે. ૨૦૨૭ વિધાનસભાની ચુંટણીમાં ૧૬૦ બેઠકોથી એકપણ ઓછી બેઠક ચાલશે નહી તેવો અમિત શાહે હુંકાર કર્યો હતો. ટુંક સમયમાં ચુંટણી યોજાવવાની છે. તેવુ સમજી કામે લાગી જવા મંત્રીઓને ટકોર કરી હતી. ૨૦૨૨ માં જે બેઠકો ગુમાવી છે અને જે બેઠકોમાં જીતનુ માર્જીન ખુબ જ ઓછુ રહ્યુ છે ત્યાં વિશેષ ધ્યાન આપવા પણ ટકોર કરી હતી. જનમાનસ પર સત્તા વિરોધી લહેર ઉપસે તે પહેલા જ લોકોની વચ્ચે જઈ પ્રશ્નો સાંભળો અને તેને હલ કરવા માટે સતત કામગીરી કરવાની પણ સુચના આપી હતી. સંગઠનના માધ્યમથી રાજય સરકાર અને કેન્દ્ર સરકારની તમામ લોકસુખાકારી ની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોચે તેવુ કરવા જણાવ્યુ હતું. ચુંટણી નજીકમાં જ છે તેવુ સમજી અત્યાર થી જ ગંભીરતાથી કામે લાગી જવાનુ કહ્યુ હતું. સરકાર અને સંગઠન વચ્ચે મજબુત સંકલન જળવાઈ રહે તે પણ જરૂરી છે.

# જીપીએસસી પાસ ઉમેદવારો માટે લોન્ચ થયુ અવસર મોડયુલઃ હવે વેઈટીંગ લીસ્ટના યુવાનોને પણ મળશે નોકરી

પ્રતિનિધિ,ગાંધીનગર




સરકારી નોકરીની તૈયારી કરનાર ઉમેદવારો માટે સારા સમાચાર આવ્યા છે. ગુજરાત જાહેર સેવા આયોગે સ્પર્ધાત્મક પરીક્ષામાં અસફળ રહેલા પરંતુ તેજસ્વી હોય તેવા ઉમેદવારો માટે રોજગારીની તક ઉભી થાય તે માટે અવસર મોડયુલ વિકસાવ્યુ છે. ગાંધીનગર ગુજરાત જાહેર સેવા આયોગના સચિવ સુધીર પટેલે આ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

જીપીએસસીના સચિવ સુધીર પટેલે આ અંગેની વિગતો આપતા જણાવ્યુ હતુ કે જીપીએસસીની ભરતી પ્રક્રિયામાં ઈન્ટરવ્યુ સુધી પહોચેલા ઉમેદવારો પ્રિલિમ્સ અને મેઈન્સ પરીક્ષા ઉતીર્ણ કરીને ઈન્ટરવ્યુ માટે પસંદ થયા હોય છે. એટલે કે તે ઉમેદવારો ભલે અસફળ રહ્યા પણ તે તેજસ્વી જરૂર હોય છે. આવા ઉમેદવારોને રોજગારીની તક પુરી પાડવા માટે ગુજરાત જાહેર સેવા આયોગે આ અવસર મોડયુલ વિકસાવ્યુ છે. આ મોડયુલની પૂર્વ ભુમિકા આપતા સુધીર પટેલે જણાવ્યુ હતુ કે ગુજરાત અને ભારત સરકારના જાહેર સાહસો, ખાનગી કંપનીઓ , સહકારી સંસ્થાઓ વગેરેમાં રોજગારીના અવસર મળે તથા આવી સંસ્થાઓને મહેનતુ, તેજસ્વી , ખંતીલા ઉમેદવારોનુ માનવ સંશાધન ઉપલબ્ધ બને તે હેતુથી ગુજરાત જાહેર સેવા આયોગે ભરતી પ્રક્રિયામાં આખરી પરીણામોમાં અસફળ રહેલા અને પ્રતિક્ષા યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારનો વિવિધ માન્ય સહકારી ક્ષેત્રો, જાહેર સાહસો તેમજ પ્રતિષ્ઠિત ખાનગી સંસ્થાઓમાં રોજગારીની વૈકલ્પિક અને ઉત્કૃષ્ટ તક સરળતાથી મળી રહે તે માટે આયોગ એક મધ્યસ્થીની ભુમિકા ભજવશે. તેમણે વધુ વિગતો આપતા જણાવ્યુ હતુ કે આ યોજનાનો લાભ લેવા માટે ઉમેદવારોની પૂર્વ સંમતિ અનિવાર્ય છે. જે ઉમેદવારો પોતાની વિગતો જેવી કે નામ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ અને શૈક્ષણિક લાયકત સંબંધિત સંસ્થાઓ સાથે શેર કરવા માંગતા હોય તેમણે **gpsc.ojas portal-https://gpsc-ojas.gujarat.gov.in/** પર જઈને ઓનલાઈન સંમતિ આપવાની રહેશે.

સુરક્ષાના ભાગરૂપે આ પ્રક્રિયામાં ઓટીપીની વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા પાંચ વરસમાં એટલે કે તારીખ ૧ જુલાઈ ૨૦૨૬ પહેલા પૂર્ણ થયેલી ૪૧૫ કરતા વધુ વર્ગ-૧ અને ૨ ની ભરતીના આખરી પરીણામમાં અસફળ તે વેઈટીંગ લીસ્ટના ૧૮ હજાર કરતા વધુ ઉમેદવારો આ મોડયુલ પર જઈને સંમતિપત્રક સબમીટ કરી શકે છે. વધુમાં ભવિષ્યની ભરતીઓમાં ઉમેદવારોને ફોર્મ ભરતી વખતે જ આ સંમતિ આપવાનો વિકલ્પ આપવામાં આવશે. જીપીએસસી દ્વારા વહિવટી, તબીબી, શૈક્ષણિક અને ટેકનીકલ કેડર મુજબ ડેટાબેઝ તૈયાર કરવામાં આવ્યો છે. માહિતીની સુરક્ષા બાબતે આયોગ ખુબ જ કડક છે. તેમ જણાવતા સચિવે કહ્યુ હતુ કે ઉમેદવારોનો ડેટા મેળવનાર સંસ્થા તેનો ઉપયોગ માત્ર રોજગારી આપવા સિવાય અન્ય કોઈ હેતુ માટે કરી શકશે નહી, અને આ ડેટાની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

આયોગ માત્ર યોગ્ય સરકારી વિભાગો, પીએસયુએસ અને માન્ય ખાનગી કંપનીઓને જ નિયંત્રિત એકસેસ આપશે. વધુમાં જીપીએસસી માત્ર એક માધ્યમ તરીકે કાર્ય કરી રહ્યુ છે. તેથી આ પ્લેટફોર્મ દ્વારા મળનારી નોકરીની શરતો, વેતન કે કાનુની વિવાદો બાબતે આયોગની કોઈ સત્તાવાર કે કાનુની જવાબદારી રહેશે નહી. ઉમેદવારોને વધુ માહિતી માટે આયોગની સત્તાવાર વેબસાઈટનો અભ્યાસ કરવાનો સચિવ પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### શહેરી વિસ્તારોને વિશેષ રાહત મળશે : વહિવટી પ્રક્રિયામાં પારદર્શિતા : રાજયના વિકાસલક્ષી પ્રોજેકટને નવો વેગ

# ૭૫ વરસ જુના ટુકડા ધારામાં ઐતિહાસિક સુધારોઃ જમીન માટે ૧૦ ગુંઠાનો એક સમાન નિયમ લાગુ થશે

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત સરકાર દ્વારા જમીન વ્યવહારોને વધુ સરળ અને પારદર્શક બનાવવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયના ખેડુતો અને જમીન ધારકો લાંબા સમયથી જે રાહ જોઈ રહ્યા હતા. તે મુજબ હવે સમગ્ર રાજયમાં જમીન માટે ૧૦ ગુંઠાનો એક સમાન નિયમ લાગુ કરવામાં આવશે.

આ નિર્ણયનો સૌથી મોટો ફાયદો એ છે કે વર્ષ ૧૯૪૮ થી અત્યાર સુધી થયેલા ટુકડાધારા ભંગના તમામ કેસોને કોઈપણ પ્રકારની પેનલ્ટી વગર નિયમિત કરવામાં આવશે. આ પગલાથી જમીન ધારકોને કાયદાકીય ગુંચવણોમાંથી મોટી રાહત મળશે. રાજય સરકારના આ નિર્ણય હેઠળ શહેરી વિસ્તારોને ટુકડાધારાની જોગવાઈઓમાંથી સંપૂર્ણ મુકિત આપવા પર કામ કરી રહી છે. અત્યાર સુધી જમીનના નાના ટુકડાઓના વેચાણ અને દસ્તાવેજીકરણમાં જે જટીલતાઓ નડતી હતી તે હવે દુર થશે. આ નિર્ણયના અમલીકરણ બાદ જમીન ખરીદી વેચાણના સ્થાનિક ગુંચવાળા અને જુના વિવાદોમાં નોધપાત્ર ઘટાડો થશે. આ પ્રક્રિયાથી જમીન સંબંધી તકરારમાં વેડફાતો સમય અને ખર્ચ બંને બચશે. વહિવટી સ્તરે પણ આ સુધારાના દુરગામી પરીણામો જોવા મળશે. બિનખેતી મંજુરી મેળવવાની પ્રક્રિયા, બાંધકામ પરવાનગી અને જમીનના અન્ય વ્યવહારો હવે વધુ ઝડપી અને પારદર્શક બનશે.

સરકારી તંત્રની કાર્યક્ષમતા વધવાની સાથે જમીનના વ્યવહારોમાં આવતા અવરોધો દુર થતા રાજયના લાખો ખેડુતો અને નાગરીકોને સીધો લાભ થશે. આ સુધારો સામાન્ય માણસ માટે જમીન માલીકીના હક્કો ને વધુ સુરક્ષિત બનાવશે. વિકાસની દ્રષ્ટિએ જોઈએ તો સરકારનો આ નિર્ણય રાજયમાં વિકાસલક્ષી પ્રોજેકટ અને શહેરી વિસ્તરણને વેગ આપવામાં ચાવીરૂપ સાબિત થશે. જમીનના ટુકડાઓની જે સમસ્યા બાંધકામ અને ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટમાં અવરોધ બનતી હતી તે દુર થવાથી શહેરી વિકાસ વધુ ઝડપી ગતિએ આગળ વધી શકશે. સરકારનુ આ પગલુ આર્થિક વિકાસ અને જમીન વ્યવસ્થાપનમાં એક નવી દિશા ખોલનારૂ બની રહેશે.

હાલમાં આ નિર્ણયને અમલમાં લાવવા માટેની પ્રક્રિયા ચાલી રહી છે. રાજયપાલ અને રાષ્ટ્રપતિની અંતિમ મંજુરી મળ્યા બાદ આ સુધારો સમગ્ર રાજયમાં સત્તાવાર રીતે લાગુ કરવામાં આવશે. સામાન્ય નાગરીકોની સુવિધા માટે લેવાયેલુ એક લોક હિતનુ પગલુ ગણવામાં આવી રહ્યુ છે.

# ગુજરાતમાં ૨૦૨૭ની વિધાનસભાની ચુંટણીઓમાં ૫૦ ટકાથી વધુ સીટીંગ ધારાસભ્યોની ટીકીટો કપાશે

### કોઈને ઉંમર, કોઈને બિમારી તો કોઈની નબળી કામગીરીને લઈ પડતા મુકવામાં આવે તેવી શકયતાઃ શહેરી વિસ્તારોમાં કમળ મજબુત ગ્રામ્ય વિસ્તારોમાં વધુ ધ્યાન અપાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની આગામી ચુંટણીમાં ભાજપ મોટા પાયે બે થી ત્રણ ટર્મ જીતેલા ઉમેદવારોને ફરી ટીકીટ આપવાના મુડ માં નથી. ૫૦ ટકા થી વધુ સીટીંગ ધારાસભ્યોની ટીકીટ કાપી નાખવામાં આવશે. તે લગભગ નિશ્ચિત મનાઈ રહ્યુ છે. કોઈને ઉંમર, કોઈને બિમારી તો કોઈની નબળી કામગીરી નડશે, ભાજપ સામે હાલ કોઈ મોટો પડકાર નથી.

પરંતુ આંતરીક જુથવાદ જ સૌથી મોટી ચેલેન્જ બની રહી છે. સીટીંગ ધારાસભ્યો સામે પ્રજાજનો તો દુર કાર્યકરોમાં પણ નારાજગી જોવા મળી રહી છે. જે રીતે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીમાં જે રીતે ટીકીટ ફાળવણી માટે નિયમો નકકી કરવામાં આવ્યા હતા તેવા જ નિયમો પણ વિધાનસભાની ચુંટણીમાં ટીકીટ ફાળવણી માટે નકકી કરવામાં આવશે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં જે વિધાનસભા વિસ્તારમાં ભાજપના ઉમેદવારોની હાર થઈ છે તેવા ધારાસભ્યોની ટીકીટ પર ભારોભાર જોખમ ઉભુ રહ્યુ છે. ગુજરાત આમ તો ભાજપનો અડીખમ ગઢ છે. રાજયમાં શહેરી વિસ્તારોમાં કમળ ખુબ જ મજબુત છે. જયારે ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપે હજુ થોડા ઘણા અંશે પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. આવામાં હવે પક્ષ દ્વારા વિધાનસભાની આગામી ચુંટણીને ધ્યાનમાં રાખી ગ્રામ્ય વિસ્તારોમાં વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. શહેરી વિસ્તારોમાં સીટીંગ ધારાસભ્યોની ટીકીટ કાપવાનુ જોખમ ભાજપ ચોકકસ ઉઠાવશે. પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપ ફુંકી ફુંકીને નિર્ણય લેશે.

# કચ્છ જિલ્લાના આઉટસોર્સ કર્મચારીઓની વેદના : ખાનગી એજન્સીઓ દ્વારા છેલ્લા ૪ મહિનાથી પગાર ન મળતા આરોગ્ય સેવા પર અસર

પ્રતિનિધિ,ગાંધીનગર




કચ્છ જિલ્લામાં આરોગ્ય સેવાઓને સતત જાળવી રાખવામાં મહત્વપૂર્ણ ભુમિકા ભજવતા આઉટસોર્સ કર્મચારીઓ છેલ્લા ૪ મહિનાથી પગારવિના ફરજ બજાવી રહ્યા હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. જિલ્લાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો( પીએચસી), સામુહિક આરોગ્ય કેન્દ્ર (સીએચસી) તેમજ સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલોમાં ફરજ બજાવતા સેંકડો કર્મચારીઓ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યા હોવાનુ જાણવા મળી રહ્યુ છે. લાંબા સમયથી વેતન ન મળતા કર્મચારીઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે અને હવે તેઓ સમગ્ર મામલે ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજુઆત કરવાની તૈયારીમાં છે. મળતી માહિતી અનુસાર ડી આર એન્ટરપ્રાઈઝ સહિત વિવિધ આઉટસોર્સ એજન્સીઓ હેઠળ કાર્યરત લેબ ટેકનીશીયન, એકસ-રે ટેકનીશીયન, એમપીએચડબલ્યુ , એફએચડબલ્યુ, વોર્ડબોય, આયાબેન અને સ્વીપર જેવા કર્મચારીઓ છેલ્લા ૪ મહિનાથી નિયમિત પગારથી વંચિત છે. આરોગ્ય સેવાઓ સતત ચાલુ રાખવા છતાં મહેંનતાણુ ન મળતા કર્મચારીઓ અને તેમના પરીવારો માટે દૈનિક જીવન ચલાવવુ મુશ્કેલ બન્યુ હોવાનુ કર્મચારીઓ જણાવી રહ્યા છે. કર્મચારીઓનો આક્ષેપ છે કે પગાર અંગે વારંવાર એજન્સીના જવાબદારોનો ટેલીફોનીક તેમજ રૂબરૂ સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ સંતોષકારક જવાબ મળતો નથી. કેટલાક કર્મચારીઓના જણાવ્યા મુજબ ફોન પણ ઉપાડવામાં આવતા નથી. જયારે કેટલાક ને કામ કરવુ હોય તો કરો, નહી તો નોકરી છોડી દો જેવા અપમાનજનક જવાબો આપવામાં આવ્યા હોવાના પણ આક્ષેપ કરવામાં આવ્યા છે. આ પ્રકારના વર્તનથી કર્મચારીઓમાં ભારે રોષની લાગણી વ્યાપી છે. વેતનના અભાવે કર્મચારીઓના પરીવાર પર સીધી અસર પડી રહી છે. ઘરખર્ચ, રાશન, વિજળીના બીલ, બાળકોની શૈક્ષણિક ફી તેમજ મકાન અને વાહન લોનના ઈએમઆઈ સમયસર ભરાઈ શકતા નથી. અનેક કર્મચારીઓના બેંક હપ્તા બાઉન્સ થયા હોવાનુ બહાર આવ્યુ છે. જેના કારણે વધારાના દંડ અને આર્થિક બોજનો સામનો કરવો પડી રહ્યો છે. આર્થિક સંકટનો સામનો કરી રહેલા કર્મચારીઓએ હવે પોતાની માંગણીઓ પણ સ્પષ્ટ કરી છે. તેઓ છેલ્લા ૪ મહિનાનો બાકી રહેલો પગાર વ્યાજ સહિત તાત્કાલીક ચુકવવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. ઉપરાંત દર મહિને નિશ્ચિત સમયમર્યાદામાં સીધા બેંક ખાતામાં પગાર જમા થાય તેવી પારદર્શક વ્યવસ્થા અમલમાં મુકવાની પણ માંગ કરી રહ્યા છે. સાથે જ કર્મચારીઓના હક્કોનુ હનન કરતી અને ગેરરીતીના આક્ષેપોનો સામનો કરતી એજન્સીઓ વિરૂધ્ધ ઉચ્ચસ્તરીય તપાસ કરાવી જરૂરી કાર્યવાહી કરવામાં આવે તથા જરૂર જણાય તો આવા કોન્ટ્રાકટ રદ કરી જવાબદાર કંપનીઓને બ્લેકલીસ્ટ કરવામાં આવે તેવી પણ રજુઆત કરવામાં આવી છે.

# કંઈ પણ થાય હું ૨૦ જુલાઈ સુધી તો જીવતો રહીશ જઃ ઓર્ગન ફેલ ના જોખમ વચ્ચે છેલ્લા ૨૦ દિવસથી ઉપવાસ પર છે સોનમ વાંગચુક

પ્રતિનિધિ,ગાંધીનગર




દિલ્હીના જંતર મંતર પર સામાજિક કાર્યકર અને શિક્ષણ સુધારક સોનમ વાંગચુકની અનિશ્ચિત ભુખ હડતાળ આજે શુક્રવારે ૨૦ મા દિવસે પહોચી છે. લાંબા સમયથી માત્ર પાણી અને મીઠાના સહારે ઉપવાસ કરી રહેલા વાંગચુકની તબિયતને લઈને ચિંતા વધી રહી છે. ડોકટરોએ ચેતવણી આપી છે કે સતત ઉપવાસને કારણે તેમના શરીર પર ગંભીર અસર પડી રહી છે અને જો આ સ્થિતિ યથાવત રહેશે તો શરીરના અગત્યના અંગો પર પણ જોખમ ઉભુ થઈ શકે છે. અત્યાર સુધીમાં તેમનુ વજન આશરે ૯ કિલો જેટલુ ઘટી ગયુ હોવાનુ તબીબી ટીમે જણાવ્યુ છે. આ ગંભીર સ્થિતિ વચ્ચે સોનમ વાંગચુકે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ છે કે તેઓ કોઈપણ ભોગે ૨૦ જુલાઈ સુધી જીવતા રહેવા માંગે છે. તેમણે દેશભરના સમર્થકોને ૨૦ જુલાઈએ યોજાનારી ચાલો સંસદ શાંતિપૂર્ણ માર્ચમાં મોટી સંખ્યામાં જોડાવવા અપીલ કરી છે. તેમના જણાવ્યા મુજબ લોકશાહી ના મંદિર ગણાતી સંસદ સુધી પહોચીને દેશના યુવાનોની ચિંતાઓ રજુ કરવી તેમનો મુખ્ય હેતુ છે. વાંગચુકે પોતાના સંદેશમાં કહ્યુ કે લાંબા ઉપવાસના કારણે તેઓ શારીરિક રીતે ખુબ નબળા થઈ ગયા છે. પરંતુ તેમનુ મનોબળ હજુ અડગ છે. તેમણે હળવા અંદાજમાં કહ્યુ હતુ કે જો ૨૦ જુલાઈની સંસદ માર્ચ સફળ નહી થાય તો હું ભુત બનીને પાછો આવીશ, તેમના આ નિવેદનને સમર્થકોમાં સંઘર્ષ ચાલુ રાખવાના સંદેશ તરીકે જોવામાં આવી રહ્યુ છે. વાંગચુક ૨૮ જુન થી દિલ્હીના જંતર મંતર ખાતે ચાલી રહેલા આંદોલનમાં જોડાયા છે. આ આંદોલન નીટ સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં થયેલી ગેરરીતીઓ, પેપરલીક અને પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતાની માંગ સાથે શરૂ થયુ હતું. આંદોલનકારીઓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને પરીક્ષા વ્યવસ્થામાં વ્યાપક સુધારાની માંગ કરી રહ્યા છે. વાંગચુકના બગડતા સ્વાસ્થ્ય ને ધ્યાનમાં રાખીને દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર અને દિલ્હી સરકારને તેમના સ્વાસ્થ્ય ની રોજેરોજ સરકારી ડોકટરો દ્વારા તપાસ કરાવવાનો અને જરૂર પડે તો તાત્કાલીક સારવાર ઉપલબ્ધ કરાવવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કહ્યુ છે કે જો તબીબી સ્થિતિ ગંભીર બને તો નિષ્ણાંતોની સલાહના આધારે જરૂરી પગલા લેવામાં આવે, તબીબોના જણાવ્યા મુજબ વાંગચુક હાલમાં સચેત અને વાતચીત કરી શકે તેવી સ્થિતિમાં છે. પરંતુ લાંબા ઉપવાસને કારણે આગામી દિવસો અત્યંત નિર્ણાયક બની શકે છે. વાંગચુક ના આંદોલનને વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ અને સામાજિક સંગઠનોનુ સમર્થન મળી રહ્યુ છે. કોંગ્રેસના પવન ખેડા, સમાજવાદી પાર્ટીના સાંસદ ડીમ્પલ યાદવ અને ભારતીય કિસાન યુવનના નેતા રાકેશ ટીકૈતે જંતર મંતર પહોચી તેમની મુલાકાત લીધી હતી. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ વાંગચુકના સમર્થનમાં નિવેદન આપ્યુ હતું. જો કે કેન્દ્ર સરકાર તરફથી તેમની મુખ્ય માંગણીઓ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર સ્વીકાર અથવા ચર્ચાની જાહેરાત કરવામાં આવી નથી.